(ગુજરાતી ચોથાધોરણના વિદ્યાર્થીઓને માટે.)

હિંદુસ્તાનની ભૂગોળ વિદ્યા

રચીપ્રસિદ્ધ કરનાર,

લાલજી હરજીવન મેતા,

ગુજરાતી હેડમાસ્તર સિંધ મદ્રેસાતુલઇસલામ અને

બુકસેલર બંદરરોડ—કરાચી.

આવૃત્તી પહેલી પ્રત ૧૦૦૦.

કરાચી

"આર્યન" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૬ ઈ. સ. ૧૯૦૦

કિમ્મત રૂ. ૦-૨-૩ પાઈ.

વિજ્ઞપ્તિ.

આ પ્રાંતના વિદ્યાર્થીઓને ભૂગોળ શીખવા માટે અનુકુળ થઈ પડે તેવા સાધનની ખોટ જણાયાથી મારા એક મીત્રે મારી “મુંબઈ ઈલાકાની ભૂગોળ વિદ્યા” જોઈ તેવીજ ઈબારતપર હિંદુસ્તાનની ભૂગોળ વિદ્યા રચવાને મને સુચના કરી, જેથી પુરસદના વખતનો લાભ લઈ યથામતિ આ કામ પૂર્ણુ કર્યું છે.

આ ભૂગોળ વિદ્યામાં હિંદુસ્તાનના વેપાર, ઉદ્યોગ, મહસુલાત, રેલ્વે, તાર, હિંદવાસીઓની રીતભાત તથા મોટાં શહેરોના વર્ણન આપેલાં છે. જે શિક્ષકોએ મેહેરબાની કરી વિદ્યાર્થીઓને મુખ પાઠન કરાવતાં માત્ર સમજાવવા એવો મારો ઉદ્દેશ છે.

આ કામમાં મને મહેરબાન મારા મિત્રો તરફથી સારો આશ્રય મળ્યો છે જેથી તેઓનો હું ઘણોજ ઉપકાર માનું છું.

કરાચી,

તા. ૧ લી જાન્યુઆરી ૧૯૦૦. કર્તા.

૭૩૪૩

ભૂગોળ વિદ્યા.

પૃથ્વીની રચનાના વર્ણનને ભૂગોળ વિદ્યા કહે છે.

ભૂગોળ વિદ્યા શીખવાથી થતા ફાયદા.

આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે ઠેકાણે એક સરખી રચના કરી નથી, પણ જૂદા જૂદા દેશમાં જૂદી જૂદી જાતનાં પ્રાણી અને જૂદી જૂદી જાતની વનસ્પતિ બનાવ્યાં છે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડે છે. બીજું આ પૃથ્વીપર કેટલા દેશ છે અને તેઓ કયા કયી દિશામાં આવેલા છે, ત્યાંના લોક સુધરેલા છે કે જંગલી, તેઓ કયો ધર્મ પાળે છે, ત્યાંની હવા કેવી છે, ત્યાં કઇ કઇ વસ્તુ વધારે પાકે છે, ત્યાંનું રાજ્ય બંધારણ કેવા પ્રકારનું છે ને ત્યાં શું શું જોવાનું છે, તે બધું આપણે જાણીએ છઈએ, માટે ઘરમાં બેઠા બેઠા આખી પૃથ્વીની મુસાફરી કરવાનું મુખ્ય સાધન ભૂગોળ વિદ્યા છે.

ભૂગોળ-પૃથ્વીનો ગોળો, ભૂ-પૃથ્વી+ગોળ-ગોળો-પૃથ્વીનો ગોળો.

પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે તેનાં પ્રમાણો.

પૃથ્વીનો આકાર ગોળ કહેવાય છે, તોપણ તે ઠેક ગોળ નથી. એ ઉત્તર દક્ષિણ નારંગીની પેઠે ચપટી છે. પૃથ્વીનો નક્કર ગોળો સ્થિર

નથી. તે નિરંતર સૂર્યની આસપાસ ૩૬૫ દિવસે ને પોતાની ધરી ઉપર ૨૪ કલાકે એક ફેરો ફરી રહે છે. પૃથ્વીનો વ્યાસ ૭૯૧૨ માઈલનો છે. ને તેનો ઘેરાવો ૨૪૮૫૯ માઈલનો છે. તે ઉપર જમીન અને પાણી છે. પૃથ્વીના બે ભાગ પાડેલા છે, તે નીચે મુજબ.

૧ પૂર્વ ગોળાર્દ્ધ અથવા જુની દુનિઆ, એમાં એશિયા, યુરોપ અને આફ્રિકા ખંડ છે તથા આસ્ટ્રેલિયા ખંડ છે.

૨ પશ્ચિમ ગોળાર્દ્ધ અથવા નવી દુનિઆ એમાં અમેરિકા ખંડ ઉત્તર દક્ષિણ પડેલો છે. એ ખંડ ઈ. સ. ૧૪૯૨ માં કોલમ્બસ નામના વહાણવટીએ શોધી કાઢયો.

૧ જે લોકો વહાણમાં બેશી પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે, તેઓ જે ઠેકાણેથી નીકળ્યા હોય તેજ ઠેકાણે દિશા ફેરવ્યા વગર પાછા આવે છે.

૨ આપણે જેમ જેમ વિષુવ વૃત્તથી ઉત્તર તરફ જતા જઈએ તેમ તેમ ધ્રુવ ઉંચો દેખાતો જાય છે.

૩ જ્યારે ચંદ્રગ્રહણ થાય છે ત્યારે ચંદ્ર ઉપર જે પૃથ્વીની છાયા પડે છે તે ગોળ હોય છે.

૪ પૂર્વ ભણીના દેશો કરતાં પશ્ચિમ ભણીના દેશોમાં સૂરજ મોડો ઉગે છે.

૫ જ્યારે દરિયામાં કિનારા આગળથી વહાણ ચાલવા માંડે છે, ત્યારે પ્રથમ તો તેનું તળીઉં, પછી સઢ ને છેલ્લીવારે કૂવાની ટોચ દેખાતી બંધ થાય છે. તેમજ મોટા મેદાનમાં સામેથી કોઈ માણસ આવતું હોય તો પ્રથમ તેની પાઘડી, પછી તેનું મોં, પછી પેટ ને છેલ્લીવારે પગ દેખાય છે. આ ઉપરથી સાફ માલૂમ પડે છે કે પૃથ્વી સપાટ નથી.

જો સપાટ હોત તો દૂરથી આવનાર માણસનું માથું અને પગ એકજ વખતે દેખાત વગેરે ઘણાં કારણોથી સિદ્ધ થાય છે કે પૃથ્વી ગોળ છે.

પાણીના પાંચ ભાગ કર્યા છે. તે દરેકને મહાસાગર કહે છે. તેમનાં નામ ઉત્તરમહાસાગર, દક્ષિણમહાસાગર, હિંદીમહાસાગર, પાસિફિક મહાસાગર અને આટલાંટિકમહાસાગર.

દિશાઓ વિષે–દિશાઓ ચાર છે. ૧ પૂર્વ. ૨ પશ્ચિમ. ૩ ઉત્તર ૪ દક્ષિણ. સવારે જે તરફ સૂરજ ઉગે છે તે પૂર્વ. સાંજે જે તરફ સૂરજ આથમે છે તે પશ્ચિમ. પૂર્વ તરફ મોઢું રાખી આપણે ઉભા રહીએ તો આપણા ડાબા હાથ ભણી ઉત્તર ને જમણા હાથ ભણી દક્ષિણ દિશા જાણવી.

નકશાની દિશાઓ–નકશાની ઉપરનો ભાગ તે ઉત્તર. નીચેનો ભાગ તે દક્ષિણ. નકશાને સામા ઉભા રહેવાથી જમણા હાથ તરફ પૂર્વ ને ડાબા હાથ ભણી પશ્ચિમ દિશા જાણવી.

ખૂણા વિષે–ખૂણા ચાર છે. ૧ પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો અગ્નિ. ૨ દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો નૈરૂત્ય. ૩ પશ્ચિમ અને ઉત્તર વચ્ચેનો વાવ્ય અને ૪ ઉત્તર તથા પૂર્વ વચ્ચેનો ઈશાન ખૂણો છે.

જમીનના ભાગની વ્યાખ્યાઓ–જમીનના જે ભાગમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહે છે.

જમીનનો જે ભાગ ચારે બાજુએ પાણીથી વિંટલાયલો હોય તેને બેટ, દ્વીપ અથવા ટાપુ કહે છે.

જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી વિંટલાયલો હોય ને તેનો એક ભાગ જમીન સાથે જોડાયલો હોય તેને દ્વીપકલ્પ કહે છે.

બે મોટા જમીનના ભાગને સાંધનારા સાંકડા જમીનના ભાગને સંયોગીભૂમી કહે છે.

જમીનની જે અણી લાંબી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને ભૂશિર કે ભૂશસાકા કહે છે.

ઘણા ઉંચા ને લાંબા ટેકરાઓને પર્વત કહે છે.

જે પર્વતના મથાળામાંથી ધૂમાડો, રાખ, ને ઉનો રસ વગેરે પ્રવાહી પદાર્થ નીકળે છે, તેને જ્વાળામુખી કહે છે.

સપાટ જમીનના વિશાળ પ્રદેશને મેદાન કહે છે.

પહાડો ઉપર આવેલા પ્રદેશને ઉચ્ચ પ્રદેશ કહે છે.

ડુંગરો કે પર્વતો વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહે છે.

જમીનનો જે ભાગ ઘણા ગાઊ સપાટ ને રેતાળ હોય ને ઝાડપાન કે પાણી જેમાં જવલ્લે મળે તેને રણ કહે છે.

દરિયાની પાસે આવેલી જમીનને કિનારો કહે છે.

નદી કે દરિયા કાંઠે વેપારના મથકનું જે શહેર કે ગામ હોય ને તેના આરામાં વહાણ આવજા કરતાં હોય તેને બંદર કહે છે.

બે નદીઓની વચ્ચેના પ્રદેશને દુઆબ, ને પાંચ નદીઓ વચ્ચેના પ્રદેશને પંજાબ કહે છે.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

પૃથ્વીના ખારા પાણીના મુખ્ય પાંચ ભાગ થયેલા છે. તે દરેકને મહાસાગર કહે છે. ખારા પાણીના સૌથી મોટા સમુદાયને મહાસાગર કહે છે.

મહાસાગર કરતાં નાના ખારા પાણીના સમુદાયને સમુદ્ર કહે છે.

સમુદ્રનો જે સાંકડો ભાગ જમીનમાં નીકળી આવ્યો હોય તેને નાળ (ખાડી) કહે છે.

જમીન ઉપર લાંબા ગયેલા સમુદ્રના ફાંટાને અખાત કહે છે.

અખાતનું મુખ પહોળું થયું હોય તો તેને ઉપસાગર કહે છે.

ચારે બાજુએ જમીનથી વિંટાયલા ભાગને સરોવર કહે છે.

પાણીના બે મોટા ભાગને સાંધનારા સાંકડા પાણીના ભાગને સામુદ્રધુની કહે છે.

પર્વત કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્ર કે સરોવરને મળે કે રણમાં સમાય તેને નદી કહે છે.

જે જગ્યાએથી નદી નીકળે છે તે જગ્યાને તેનું મુળ કહે છે.

જે જગ્યાએ નદી સમુદ્રને મળે તે જગ્યાને તેનું મુખ કહે છે.

જે સ્થળે બે નદીઓ ભેગી મળે છે તેને સંયોગ કે સંગમ કહે છે.

ચંદ્ર તથા સૂર્યના આકર્ષણથી સમુદ્રનું પાણી દિવસમાં બેવાર ચડે છે તેને ભરતી ને બેવાર ઉતરે છે તેને ઓટ કહે છે.

એશિઆ ખંડ.

પૃથ્વીના જે પાંચ મોટા ખંડ કહ્યા તેમાંનો સૌથી મોટોને જુનો ખંડ એશિઆ છે, એ ખંડમાં આવેલા હિંદુસ્તાનમાં આપણે વસીએ છીએ.

હિંદુસ્તાન.

હિંદુસ્તાનની સીમા–ઉત્તરે હિમાલય પર્વતની હાર છે, પૂર્વે બ્રહ્મદેશ તથા બંગાળાનો ઉપસાગર છે, દક્ષિણે હિંદી મહાસાગર, પશ્ચિમે અરબી સમુદ્ર, અફઘાનિસ્તાન ને બલુચિસ્તાન આવેલા છે.

હિંદુસ્તાનના બીજા નામ–ભરતખંડ, ભારતભૂમી, આર્યાવર્ત હિંદ વગેરે નામોથી ઓળખાય છે.

હિંદુસ્તાનનો આકાર જમરૂખ કે જાગફળ જેવો છે.

વિસ્તાર–હિંદુસ્તાનની લંબાઈ કાસ્મિરથી કન્યાકુમારી સુધી ૧૯૦૦ માઈલ ને પહોળાઇ સિંધથી આશામ સુધી આશરે ૧૮૦૦ માઈલ છે. ક્ષેત્રફળ આશરે ૧૫ લાખ ચોરસમાઈલ છે.

વસ્તી–૨૮૭૧૭૭૭૧૫ છે. હિંદુસ્તાનમાં ઘણી જાતનાં માણસો વસે છે, તેઓની ભાષા પોશાક ને રીતભાત કેવળ જૂદાં છે.

મોટા કુદરતી ભાગ–હિંદુસ્તાનના મોટા સ્વભાવિક ભાગ બે છે. ૧ હિંદુસ્તાન (ઉત્તર હિંદુસ્તાન) અને દક્ષિણ કે દખણ (દખણ હિંદુસ્તાન) છે. એ બે ભાગોની વચ્ચે વિંધ્યાચળ પર્વત અને નર્મદા નદી છે.

કુદરતી ભાગ–હિંદુસ્તાનના કુદરતી ભાગ ચાર છે. ૧ હિમાલયનો પહાડી પ્રદેશ, ૨ ગંગાનો પ્રદેશ, ૩ સિંધુનો પ્રદેશ, ૪ દક્ષિણ.

મુખ્ય નદીઓ–બ્રહ્મપુત્રા, સિંધુ, એ બે નદ કહેવાય છે. ગંગા, ગોદાવરી, કૃષ્ણા, મહા, કાંવેરી, ઈરાવતી, એ આઠે નદીઓના મુખ આગળ ત્રીકોણ પ્રદેશ થાયછે, એ વિના તાપી, જમના, નર્મદા, લુણી, મહી, સાબરમતી, ચંબલ, ભેટવા, સતલજ, ચીનાબ, સોન,

ભાગીરથી, તુંગભદ્રા, ભીમા, જેલમ, રાવી, બીઆસ, ગોગ, હુગલી, વગેરે ઘણીજ છે.

પવિત્ર નદીઓ–મુખ્ય પવિત્ર નદિઓ ચાર છે. ૧ તાપી સ્મરણે (તાપી નદીનું સ્મરણ કરવાથી) ૨ રેવાદર્શને (રેવા નદીના દર્શન કરવાથી) ૩ જમના પાને (જમના નદીનું જળ પીવાથી) ૪ ગંગા સ્નાને (ગંગા નદીમાં નહાવાથી) પાપની મુક્તિ થાય છે, એમ કહેવાય છે. એ સિવાય ગોમતી, સરસ્વતી, ગોદાવરી, ત્રીવેણી, બ્રહ્મપુત્રા, સિંધુ, જમના. વગેરે પવિત્ર નદીઓ છે.

મુખ્ય નદીઓ કયાંથી નીકળી કયાં પડે છે.

૧ **બ્રહ્મપુત્રા**–હિમાલયના માન સરોવરમાંથી નીકળી આસામ અને બંગાળામાં થઈ ૧૮૦૦ માઈલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે. તે ઉપર મુખ્ય શહેરો ગૌહતી, ઢાકા, રંગમતી ને જમાલપુર છે.

૨ **ગંગા**–હિમાલયના ગંગોત્રી શીખરમાંથી નીકળી વાયવ્ય પ્રાંત, બહાર ને બંગાળામાં થઈ ૧૫૬૦ માઈલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે. તેપર હરિદ્વાર, ફરૂકાબાદ, કાનપુર, અલ્હાબાદ, મીરજાપુર, (જમણે કાઠે) બનારસ, (ડાબે) ગાઝીપુર, બકસર, દીનાપુર, પાટણા, મોંગીર, ભાવલપુર, રાજમહાલ, મુર્શીદાબાદ, હુગલી વગેરે છે.

૩ **સિંધુ**–હિંદુસ્તાનમાં સૌથી લાંબી નદી હિમાલયના ઉત્તર ભાગમાંથી નીકળી કાશ્મિર, પંજાબ ને સિંધમાં થઇ ૧૮૦૦ માઇલ વહી અરબી સમુદ્રમાં પડે છે તેપર આટક, (ડાબે) કલાબાગ, ડેરાઈસ્માલ

ખાન, ડેરાગાઝીખાન, મીથનકોટ, સક્કર, લારખાના, રોહડી, હૈદરાબાદ, કોટડી વગેરે છે.

૪ **ગોદાવરી**–સહ્યાદ્રી પર્વતમાંથી નીકળી મહારાષ્ટ્ર, નિઝામનું રાજ ને ઉત્તર સરકારના પ્રાંતોમાં થઇ ૯૦૦ માઈલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે. તેપર નાશકત્ર્યંબક, પેંઠણ, રાજમહેંદ્રી ને યાનન વગેરે છે.

૫ **નર્મદા**–સાતપુડા પર્વતમાંથી નીકળી મધ્ય પ્રાંતો, ભોં.પ.ળ, હોલકરના રાજ્ય તથા ગૂજરાતમાં થઇ ૮૦૦ માઇલ વહી ખંબાતના અખાતને મળે છે, તે ઉપર જંબલપુર, હુસંગાબાદ મંડળેશ્વર, નીમાળ, ચાણોદ, કન્યાળી, નાંદોદ ને ભરૂચ વગેરે છે.

૬ **કૃષ્ણા**–સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી મહારાષ્ટ્ર, નિઝામ ને ઉત્તર સરકારના પ્રાંતમાં થઈ ૮૦૦ માઇલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે. તેપર કન્હાડ, ને મછલીપટ્ટણ વગેરે છે.

૭ **મહાનદી**–મધ્યપ્રાંતોમાંથી નીકળી મધ્યપ્રાંતો ને ઓરીસામાં થઈ ૫૨૦ માઇલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે. તેપર સંબલપુર ને કટક છે.

૮ **કાવેરી**–સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી મ્હૈસૂર ને કર્ણાટકમાં થઇ ૪૭૦ માઈલ વહી બંગાળાના ઉપસાગરમાં પડે છે તેપર શ્રીરંગપટ્ટણ ત્રીચીનાપલ્લી ને ત્રાંકવીબાર વગેરે છે.

૯ **તાપી**–સાતપુડા પર્વતમાથી નીકળી મધ્યપ્રાંતો, ખાનદેશ, ને ગૂજરાતમાં થઈ ૪૦૦ માઈલ વહી ખંભાતનાં અખાતમાં પડે છે. તેપર બુરાનપુર, રાંદેર ને સુરત વગેરે છે.

૧૦ **જમના**-હિમાલયના જમ્નોત્રી શિખરમાંથી નીકળી વાયવ્ય પ્રાંતોમાં વહી અલ્હાબાદ આગળ ગંગાને મળે છે. તેપર શાહરાનપુર કર્નાલ, પાનીપત, દિલ્હી, મથુરાં, આગ્રા વગેરે છે.

૧૧ **ઈરાવતી**-હિમાલય પર્વતમાંથી નીકળી માર્ટાબાનના અખાતમાં પડે છે. તે ઉપર પ્રોમ વસઈ ને રંગુન વગેરે શહેરો છે.

૧૨ **લુણી**-અરવલ્લી પર્વતમાંથી નીકળી કચ્છના રણમાં પડે છે.

૧૩ **મહી**-માળવાના ડુંગરમાંથી નીકળી માળવાં ને ગૂજરાતમાં વહી ખંભાતના અખાતમાં પડે છે.

૧૪ **સાબરમતી**-ઢેબર સરોવરમાંથી નીકળી ગૂજરાતમા વહી ખંભાતના અખાતમાં પડે છે, એપર અમદાવાદ વગેરે છે.

૧૫ **સતલજ**-એ રાવણહ્રદ સરોવરમાંથી નીકળી સિંધુને મળે છે તે પર સીમલા, લુધ્યાના, ફીરોજપુર, ભાવલપુંર, અલીવાલ ને ઉચ્ચ શહેરો છે.

૧૬ **ગોગરા**-હિમાલયમાંથી નીકળી ગંગાને મળે છે તેપર અયોધ્યા ફૈઝાબાદ (સરયુ એ તેનું બીજું નામ છે.)

ભૂશીર-દ્વારકા, (જગતપોઈંટ) દિવ, રામાસપોઈંટ, કન્યાકુમારી, કાલિમર, પામીરાસ, નીગ્રેસ, માંજ, (દ્વારકા જગતપોઈંટ) કાઠિયાવાડમાં છે, દિવ કાઠિયાવાડની દક્ષિણે છે. રામાસપોઈંટ ગોવા પાસે છે, કન્યાકુમારી છેક દક્ષિણે છે. કાલિમર અગ્નિ કોણમાં છે. પામીરાસ મહાનદીના મુખ પાસે છે. નીગ્રેસ બ્રહ્મદેશની નૈઋત્યે છે, માંજ સિંધમાં છે.

અખાત-કચ્છનો, ખંભાતનો, મનારનો, પાલ્મેનની ખાડી, માર્ટાબાન, કચ્છનો ને ખંભાતનો અખાત પશ્ચિમ કિનારે છે, મનારનો અખાત

હિંદુસ્તાન ને લંકાની વચ્ચે છે, પામ્બનની ખાડી હિંદુસ્તાન ને લંકાની વચ્ચે છે, માર્ટાબાનનો અખાત બ્રહ્મદેશની દક્ષિણે છે.

સામુદ્રધુની—પાકની સામુદ્રધુની, મનારની સામુદ્રધુની, પાકની સામુદ્રધુની હિંદુસ્તાન ને લંકાની વચ્ચે છે, મનારની સામુદ્રધુની મનાર બેટ ને લંકાની વચ્ચે છે.

દ્વીપો—લક્ષદીવ, માલદીવ, લંકા, રામેશ્વર, આન્દામાન, નીકોબાર, રામરી, ચેદુબા સેંડાવે મરગ્વી, શાહપુરી, સાષ્ટી, વસઇ, ધારાપુરી, લક્ષદીવ ને માલદીવ નૈરૂત્યે છે, લંકા દક્ષિણે છે, રામેશ્વર હિંદુસ્તાન ને લંકાની વચ્ચે છે, આન્દામાન, નીકોબાર, રામરી, ચેદુબા ને સેંડાવે વગેરે બેટો બંગાળાના ઉપસાગરમાં છે, મરગ્વી બેટનું ટોળું બ્રહ્મદેશની પશ્ચિમે છે, શાહપુરી સાષ્ટી, વસઈ ને ધારાપુરી વગેરે બેટો મુંબઇની પાસે છે.

દ્વીપકલ્પ—હિંદુસ્તાન ને કાઠિયાવાડ. હિંદુસ્તાન દેશજ પોતે એક મોટો દ્વીપકલ્પ છે. તેમાં કાઠિયાવાડ મુખ્ય દ્વીપકલ્પ છે.

સરોવર—માનસબલ, દલ, વૂલર, મંચર, ચીલ્કા, પુલીકટ, કોલર, ઢેબર, સાંબર, લુણાર. માનસબલ, દલ ને વૂલર કાશ્મિરમાં છે, મંચર સિંધમાં છે. ચીલ્કા ને પુલીકટ, પૂર્વ કિનારે છે, કોલર ગોદાવરી ને કૃષ્ણાની વચ્ચે છે, ઢેબર ને સાંબર રજપૂતસંસ્થાનમાં છે. લુણાર વરાડ પ્રાંતમાં છે.

પર્વતો—હિમાલય, કુન્ચીનગંગા, ધવલગીરી, કૈલાસ, જન્મોત્રી શીવાલીક, સુલેમાન, હાલા, અરવલી, વિંધ્યાચળ, સાતપૂડા, ગીરનાર, સહ્યાદ્રિ (પશ્ચિમઘાટ,) પૂર્વઘાટ, નીલગીરી, હિમાલય (હિમ—અ-

રફ્—આલય—જગ્યા) દુનિયાંમાં સૌથી ઉંચો પર્વત ઉત્તરે છે. એના મુખ્ય શિખરો—એવરેસ્ટ (ગૌરીશંકર) એની ઉંચાઇ આશરે સાડાપાંચ માઈલ છે. કુન્ચીનગંગા, ધવલગીરી, કૈલાસ, વગેરે છે. જન્મોત્રી ગારવાલમાં છે, શીવાલીક ગંગાં ને બીઆસની વચ્ચે છે, સુલેમાન હિંદુસ્તાન ને અફ્ઘાનિસ્તાનથી જુદો પાડે છે, એનું શીખર તખ્તી સુલેમાન છે, હાલા સિંધ ને બલૂચિસ્તાનથી છુટો પાડે છે, અરવલ્લી ગંગા ને સિંધુના પ્રદેશની વચ્ચે છે. એનું મુખ્ય શીખર આબુ છે; વિંધ્યાચળ નર્મદાની ઉત્તરે છે, કેમોર વિંધ્યાચળ પાસે છે. સાતપૂડા પર્વતની હાર નર્મદા ને તાપીની વચે છે, કાઠિયાવાડમાં ગીરનાર છે. સંહ્યાદ્રિ (પશ્ચિમઘાટ) પશ્ચિમ કિનારે છે, પૂર્વઘાટ પૂર્વ કિનારે છે, નીલગીરી પશ્ચિમઘાટ ને પૂર્વઘાતને જોડે છે.

રણ—થરપારકરનું ને કચ્છનું. થરપારકરનું રણ સિંધની પૂર્વે છે. કચ્છનું રણ કચ્છમાં છે.

ઉચ્ચ પ્રદેશ—દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ ને માળવાનો ઉચ્ચ પ્રદેશ.

મેદાન—ગંગાનું મેદાન ને સિંધુનું મેદાન.

કિનારો—હિંદુસ્તાનના કિનારાની લંબાઇ ૪૦૦૦ માઇલ ને દાર વાટ થોડાં છે.

નદીઓનાં સંગમ.

ગંગાને—જમના, ગોગ્રા, સોણ, ગોમતી, ભાગીરથી, અલકનંદા, રામગંગા, કુસી, ગંડકી, ચંબલ, સિંધ અને બટવા વગેરે.

સિંધુને–સતલજ, બીઆસ, રાવી, ચીનાબ ને જેલમ પંચનદ આગળ મળે છે.

કૃષ્ણા–બીમા, તુંગભદ્રા, નીરા, રીના વગેરે છે.

ગોદાવરી–પૂર્ણા, માંજરા, વર્ધા, વાઈનગંગા, પેનગંગા ને પ્રાણહિતા વગેરે.

નદીઓનાં મુખ.

બંગાળાના ઉપસાગરને મળનારી નદી–કાવેરી, કૃષ્ણા, ગોદાવરી, મહા, બ્રહ્મપુત્રા વગેરે.

કચ્છના રણને મળનારી–લુણી.

અરબીસમુદ્રને મળનારી-સિંધુ.

ખંભાતના અખાતને મળનારી–સાબરમતી, મહી, નર્મદા, તાપી, વગેરે.

માર્ટાબાનના અખાતને મળનારી–ઈરાવતી.

લશ્કરની છાવણીઓ–બંગાળા ઇલાકામાં દીનાપુર, ડમડમ ને બરાકપુર. વાયવ્ય પ્રાંતોમાં કાનપુર, મીરત. પંજાબમાં મીનમીર, જલંદર, અંબાલા, મુલતાન, પેશાવર ને રાવલપીંડી. મધ્યહિંદ એજન્સીમાં નીમચ ને માહુ. મધ્ય પ્રાંતોમાં કામ્પટી ને સાગર. નિજામના રાજ્યમાં સીકંદરાબાદ, બોલારમ ને જાલના. મુંબઈ ઈલાકામાં પુના, બેલગામ, ડીસા, રાજકોટ, ભુજ, કરાંચી. મદ્રાસ ઇલાકામાં પુનામલી, પાલવરમ, વીજીનાગ્રામ, રસલકોંડા ને કાનાનોર. મહીસૂરમાં બેંગલૂર. ત્રાવણકોરમાં કુવીલન.

વખણાયલી વસ્તુવાળાં શહેર.

શહેર	શું શું થાય છે
અમૃતસર, લુધિયાના ને કાશ્મિર... ...	શાલો.
પંજાબ	સાલમ ને ઘઊં.
બિકાનેર	સાંઢણીઓ.
મારવાડ	ઉંટ ને આરસપહાણ.
સિરોહી	તરવાર.
સુરત	બરફી.
રતલામ, માળવા ને બહાર	અફીણ.
લંકા...	હાથીદાંત, મોતી ને તેજાના
તુતુકુડી	મોતી.
ઉમરાવતી, અકોલા, ધારવાડ, ધોળેરા, ખંડવા	રૂ.
જામનગર	કંકુ, સુરમો ને બાંધણી.
પુના, નાશીક, સીહોર ને કાશી	ત્રાંબાપીતળના વાસણ.
પુના	નાગરવેલનાં પાન.
ખંભાત	સુત્રફેણી અકીકના પથ્થર.
બંગાળા	ખાંડ ને ચોખા.
કપડવંજ	કાચ ને સાબુ.
પૈઠ	પાઘડી.
બુરાનપુર	શેલાં.
મચ્છલીપટ્ટણ	છીટ.
કાઠિયાવાડ ને કચ્છ	ઘોડા.

કચ્છભુજ ને સિધહૈદ્રાબાદ	સોનેરી ભરત કામ.
મેંગલુર ને સેવરધન	સોપારી.
કાંગ્રા, આસામ ને હિમાલય	ચાહ.
અમદાવાદ ને મહીસૂર	રેશમીકાપડ.
મલબાર	સાગનાં લાકડાં, મરી ને નાળિએર.
કુર્ગ	એલચી ને ગુંદ.
મથુરાં	પેડા.
પટણા	અફીણ ને રેશમીકાપડ.
ઢાકા	મલમલ ને સાબુ.
કડી	બળદ.
આસામ	રબર, બેંસો ને લાખ.

મુખ્ય બંદરો—કરાંચી, કચ્છ માંડવી, પોરબંદર, વેરાવળ, માંગરોળ, ભાવનગર, ધોળેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ, દમણ, વસઈ, મુંબઇ, રત્નાગિરિ, વિજયદુર્ગ, કારવાડ, હોનાવર, મેંગલુર, કાનાનોર, માહી, કલીકટ, બેપુર, કોચીન, તુતુકુડી, પોંડીચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટણ, વિસાગાપટ્ટણ, ગંજામ, જગન્નાથ, બાલાસોર, કલકત્તા, ચીતાગાંગ, બેસીન (વસઈ), અકયાબ, રંગુન ને મોલમૈન વગેરે.

અંગ્રેજસરકારના તાબાના દેશીરાજ્યો.

રજપૂત રાજ્યો—કાશ્મિર, વિકાનેર, અલવડ, કિશનગડ, જયપુર, કિરોલી, બુન્દી, કોટા, ઝાલરાપટ્ટણ, વાંસવાડા, પ્રતાપગઢ, ડુંગરપુર,

ઉદેપુર, સિરોહી, જોધપુર, જેસલમીર, કચ્છ, સાંતલપુર, ઈડર, દાંતા, માણસા, નવાનગર, રાજકોટ, પોરબંદર, ગોંડળ, ભાવનગર, વળા, લખતર સાયલા, ચુડા, મુળી, લાઠી, પાલીતાણા, ધ્રોળ, લીંબડી, વઢવાણ, વાંકાનેર, મોરબી, ધાંગધ્રા, વાંસદા, ધરમપુર, રાજપીપળા, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા, રેવા, મહીસુર, દરભંગા વગેરે છે.

કોળીરાજ્યો—ભાભર ને કાંકજ.

જાટરાજ્યો—ભરતપુર ને ધોળપુર.

મરાઠીરાજ્યો—ગાયકવાડ (વડોદરા) સિંધીયા (ગ્વાલિયર) હોલ્કર (ઈંદોર) કોલ્હાપુર, સાવંતવાડી, કોચીન ને ત્રાવણકોર.

મુસલમાનોરાજ્યો—બેરપુર, ટોંક, પાલણપુર, રાધણપુર, જુનાગઢ, બાટવા, ખંભાત, વાડાસિનોર, બાજાણા, સચીન, પેંઢ. ભોપાળ, ભાવલપુર ને નિઝામ છે.

શીખરાજ્યો પતિયાલા, ઝીંદ, નાભા, કપુરથલા, કલશીઆ ને ફરીદકોટ

હબસીરાજ્યો—જાફરાબાદ ને જંજીરા (તેમને માથે ખંડણી નથી).

સ્વતંત્રદેશીરાજ્યો—નેપાળ ને ભુતાન.

ફ્રેન્ચના—પોંડિચેરી, માહી, કરિકલ, યાનાન ને ચંદ્રનગર.

પોર્ટુગીઝના—દીવ, દમણ ને ગોવા.

હિંદુસ્તાનમાં મોટામાં મોટાં શહેર—મુંબઈ ને કલકત્તા.

" **મોટી નદીઓ**—સિંધુ ને બ્રહ્મપુત્રા.

" **મોટા પર્વતો**—હિમાલય.

" **અખાત**—બંગાળાના.

" મોટો ઇલાકો—બંગાળા.

" મોટો બેટ—લંકા (સિંહલદ્વીપ).

" દેશીરાજયો—નિજામ, કાશ્મિર ને રજપુસ્તાન.

" મોટા બંદરો—મુંબઇ, કલકત્તા ને કરાચી.

સારી હવાનાં સ્થળો—સિમલા મરી, (જેલમ નજીક) દાર્જીલીંગ આબુ, માથેરાન, નીલગીરી, મહાબળેશ્વર, ડીંડીગલ, કાશ્મિર, પુરંદર, ખંડાળા, ઉતકમંદ ડુંગર હજારી બાગ વગેરે

ભરતખંડની રાજધાની—દિલ્લી ને આગ્રા એ મુસલમાની વખતમાં વારા ફરતી રાજધાની હતી. હાલની રાજધાની કલકત્તા છે.

જાત્રાનાં સ્થળો—હિંદુઓના મુખ્ય ચાર ધામ, પૂર્વે જગન્નાથ, પશ્ચિમે દ્વારકા, ઉત્તરે બદ્રીનાથ, દક્ષીણે રામેશ્વર, તે સિવાય પ્રભાસપાટણ, ગિરનાર શેત્રુંજો, ચાણોદ, કન્યાળી, નાશીક, (પંચવટી) પંઢરપુર રામનાથ, ગયા, પ્રયાગ, કાશી, મથુરા, અયોધ્યા, કેદારનાથ, પુસ્કરજી, (ઊદવાડા, પારસીઓનું) (ગલીઆકોટ વહોરાનું) (અમૃતસર, સીખોનું) એ સિવાય બીજાં ઘણાં છે,

હવા—હિંદુસ્તાનનો આશરે અર્ધ ભાગ ઉષ્ણકટી બંધમાં છે, ઉચ્ચપ્રદેશ સિવાયના દેશોની હવા ગરમ છે, શિયાળો, ઉનાળો, અને ચોમાસું, એ ત્રણ મોસમ છે.

ખનીજ પેદાસ—લોઢું ઘણું નીકળે છે, કોયલા બંગાળા ને મધ્ય પ્રાંતોમાંથી નીકળે છે, સિંધવ પંજાબમાંથી નીકળે છે, સુરોખાર ત્રાંબુ સોનું વગેરે થોડાં નીકળે છે. હિંદુસ્તાન ઘણો વખત થયાં હીરા સારૂ પ્રખ્યાત છે.

વનસ્પતિ વગેરે–ચોખા ઘણું કરીને બંગાળામાં ને કિનારાપરના દેશોમાં વવાય છે. બાજરી, જુવાર ને કપાસ મધ્યના દેશોમાં પાકે છે. તેજાનો (હળદર, તજ, લવીંગ, મરી, એલચી,) દક્ષિણમાં ઉગે છે, ઘઉં ઉત્તરમાં ઘણા પાકે છે, શેરડી, તમાકુ, કેરી ને બીજા ફળ તથા પૈસા ઘણું ઠેકાણે ઉગે છે, અફીણ બંગાળા, બહાર અને ગુજરાતમાં પાકે છે, ચાહ આસામ ને હિમાલયની આસપાસના દેશોમાં વવાય છે, કાફી (બુન) સહ્યાદ્રિ પર્વત પર ઉગે છે, જંગલોમાં સાગના લાકડાં થાય છે.

પ્રાણી–ઘેટાં, બકરાં, ભેંસો, ગાયો, કૂતરાં, ઉંટ એ મુખ્ય પાળવાના પ્રાણી છે, હાથી, વાઘ, સિંહ, રીંછ, ઘણી જાતનાં વાંદરાં ને હરણ જંગલોમાં પુષ્કળ હોય છે, સિંહ ગુજરાતના જંગલોમાં ને ગીરનાર પર્વત પાસે વસે છે, જંગલી ગધેડાં સિંધમાં થાય છે, ગેંડા પૂર્વમાં થાય છે.

વસ્તી–૨૮ કરોડ ને સાઠ લાખ છે. જેમાંથી ૨૨ કરોડ અંગ્રેજ સરકારની રૈયત છે અને તેમાંથી આશરે ૩/૪ ભાગ હિંદુઓ છે અને બાકીના માણસો ૧/૪ ભાગ મુસલમાન, યુરોપિયન્સ વગેરે છે. જેઓના ભાષા, પોશાક, ને રીતભાત કેવળ જુદાં છે.

ચાલ–બંગાળી (બાબુ) ઠીંગણા, કમજોર, ને બાયલા છે. તોપણ તેઓ ચતુર ને મેહેનતુ છે. શિખને થોડી ઉત્તરની જાતનાં માણસો ઉંચા કદાવર, લડવૈયા ને શૂરા છે. દક્ષિણની જાતોમાંની તામિલ, ઉદ્યોગી ને સાહસિક છે, હિન્દુઓ ગરીબ, રાજ્ય અને પોતાના કુટુંબપર માયા રાખનાર છે, તેઓની હિંમત ને અદાલતમાં જવાના ઘણા

શોખીન છે. લગ્નમાં અગથો ખર્ચ કરવાથી ઘણા તો ગરીબજ રહે છે, તેઓ બાળલગ્ન કરે છે, જેથી ઘણી ખરાબી થાય છે, સ્ત્રીઓને અજાન રાખવામાં આવે છે, પણ ઘણા સમજુ ને સુધરેલા લોકમાં સ્ત્રી કેળવણીનો વિચાર પ્રસરતો જાય છે, જ્યાં સુધી બધી સ્ત્રીઓ ભણશે નહિ, ત્યાં સુધી હિંદવાસીઓ પુરેપુરા સુધરેલા ને સુખી થશે નહીં જાતિ બંધન એટલું જબરૂં છે કે તેથી સુધારા ને કેળવણીમાં ઘણો અટકાવ થાય છે.

ભાષા—હિંદુસ્તાનમાં આશરે એક સો બોલીઓ બોલાય છે તેમાં મુખ્ય ભાષા સંસ્કૃત, દ્રાવિડ ને પહાડી એ ત્રણ છે. સંસ્કૃત ભાષા ઘણું કરીને ઉત્તર હિંદુસ્તાનમાં બોલાય છે; જેમાંથી બંગાળી, ઉર્યા, હિંદી, ઉર્દુ, પંજાબી, સિંધી, ગુજરાતી ને મરાઠી બોલીઓ નીકળી છે. દ્રાવિડ ભાષા મદ્રાસ ઇલાકામાં બોલાય છે, જેમાંથી તામિલ, કાનડી, મલાયલમ, તેલગી, મલબારી ને ગોંડી બોલીઓ નીકળી છે, પહાડી ભાષા ઇશાન કોણમાં બોલાય છે. એ સિવાય પરદેશી (યુરોપિયન) ફ્રેન્ચ, પોર્ટુગીઝ, ઇંગ્રેજી, અરબ વગેરે ભાષા બોલાય છે.

વેપાર—હિંદુસ્તાનનો પરદેશ સાથે દર વરસે ૧૮૫ કરોડ રૂપિયાનો વેપાર ચાલે છે.

આયાત—સુતરાઉ ને ગરમ કાપડ, ધાતુ, સંચા, ખજાનો, મદીરા (દારૂ) રેશમ, તથા રેશમી કાપડ કોલસા, તેલ, ચીની વાસણ, તથા બીજી ઘણી જાતનો વીલાયતી સામાન.

નીકાશ— કપાસ, રૂ, અનાજ, અફીણ, તિલીબીઓ, સણ, ચામડાં, હાડકાં, ગળી, ચાહ, રેશમ, સિંધવ, વગેરે. અફીણ ચીન

મોકલવામાં આવેછે, બીજી બધી જણુસો ઘણું કરીને ઈંગ્લાંડ મોકલવામાં આવેછે.

ધર્મ–વેદ, શૈવ, (શિવ) વૈષ્ણવ, રામાનુજ, જૈન, સિખ, મુસલમાની, ખ્રિસ્તી, અને જરથોસ્તી વગેરે.

આગગાડીઓ–હિંદુસ્તાનના મોટાં શેહેરો આગગાડીથી એક બીજા સાથે જોડાઈ ગયાં છે. આશરે ૧૭૦૦૦ માઈલમાં આગગાડી ચાલે છે, ને ત્રણ હજાર માઈલમાં બધાયછે. હિંદુસ્તાનની મુખ્ય આગગાડીઓ નૉર્થ વેસ્ટર્ન રેલ્વે, રાજપુતાના ને માળવા રેલ્વે, બોમબે બરોડા રેલ્વે, દક્ષિણ મરાઠા રેલ્વે, ઇસ્ટ ઇંડીઅન સ્ટેટ રેલ્વે, ગ્રેટ ઇંડિઅન પેનીન સુલા રેલ્વે, મધ્યહિંદ રેલ્વે, અયોધ્યા ને રોહિલ ખંડ રેલ્વે, પૂર્વ બંગાળા રેલ્વે, નિજામ રેલવે, ભાવનગર, ગોંડલ ને પોરબંદર રેલ્વે, એ સિવાય બીજી ઘણી રેલ્વે લાઈનો છે.

તાર–હિંદુસ્તાનમાં આશરે ૩૫૦૦૦ માઈલમાં તારના રસ્તા છે. હિંદુસ્તાનથી ઈંગ્લાંડ ૧ કલાકમાં તાર મારફતે સંદેશા પોંચે છે.

વસુલાત–રેલ્વેની ઉપજ મળીને હિંદુસ્તાનની વાર્ષિક વસુલાત ૮૦ કરોડ રૂપિયાની છે, પણ હાલ આયાત માલપર જગાત પડવાથી ઉપજમાં વધારો થશે.

હિંદુસ્તાન માંહેલા ૧૮ વિભાગોનાં નામો, ત્યાં રહેતા ઇંગ્રેજ અધિકારીઓના હોદ્દા તથા રાજધાનીના નામ નીચે પ્રમાણે.

વિભાગનાં નામ.	અધિકારીનો હોદ્દો.	રાજધાનીનું શહેર.
૧ બંગાળા ઇલાકો	લેફટેનન્ટ ગવરનર	કલકત્તા.
૨ આસામ	ચીફ કમીશનર	ગૌહતી.

૩ વાયવ્ય પ્રાંતો	લેફ્ટેનન્ટ ગવર્નર	અલ્હાબાદ.
૪ અયોધ્યા	,,	લખનોર.
૫ પંજાબ	,,	લાહોર.
૬ રજપુત સંસ્થાનો	રેસીડંટ	આબુ (સિરોહી)
૭ મધ્યહિંન્દ એજન્સી	,,	ઇંદોર.
૮ મધ્ય પ્રાંતો	ચીફ કમીશનર	નાગપુર.
૯ નિઝામનું રાજ્ય	રેસીડંટ	હૈદરાબાદ.
૧૦ વરાડ	ચીફ કમીશનર	અકોલા.
૧૧ મુંબાઇ ઇલાકો	ગવર્નર સાહેબ	મુંબાઇ.
૧૨ મદ્રાસ ઇલાકો	,,	મદ્રાસ
૧૩ મહૈસુર	ચીફ કમીશનર	બેંગલોર.
૧૪ કુર્ગ	,,	મરકેરા.
૧૫ નેપાળ	સ્વતંત્ર રાજા	ખટમંડુ.
૧૬ ભૂતાન	,,	ટારસી સ્યુડન.
૧૭ ફ્રેન્ચ સંસ્થાનો	ગવર્નર સાહેબ	પોંડીચેરી.
૧૮ પોર્ટુગીઝ સંસ્થાનો	,,	ગોવા.

બંગાળા ઇલાકો.

સીમા–ઉત્તરે નેપાળ, સિક્કીમ ને આસામ પ્રાંત, પુર્વે મણીપુર, બ્રહ્મદેશ ને આરાકાનના ડુંગરો છે. દક્ષિણે બંગાળાનો ઉપસાગર, મદ્રાસ ઇલાકો. પશ્ચિમે મધ્યપ્રાંતો, રેવા ને વાવ્ય પ્રાંતો.

વિભાગો—આ ઇલાકાના મુખ્ય ચાર ભાગ થયેલા છે. ૧ શુદ્ધ બંગાળા, ૨ ઓરિસા, (ઓઢીઆ) ૩ બહાર, ૪ છોટાનાગપુર.

ક્ષેત્રફળ—દેશી રાજ્ય મળીને આ ઇલાકાનું ક્ષેત્રફળ ૧૯૦૦૦૦ ચોરસ ગાઉલ છે.

વસ્તી—૭ કરોડ માણસની છે. અહીંના માણસો ને બંગાળી (બાબુ) કહે છે. તેઓ ઈંગ્રેજી શીખવામાં આગેવાન છે.

પર્વત—હિમાલય છે. **સરોવર**—ચીલકા.

નદીઓ—ગંગા, જમનાં, ગોગ્રા, સોણ, કુશી, ભાગીરથી (હુગલી), બ્રહ્મપુત્રા, દામોદરા, મહાનદી, વૈતરણી ને સુવર્ણરેખા.

અખાત—બંગાળાનો ઉપસાગર ને બાલાસોરનો અખાત.

ભાષા—બંગાળી, હિન્દી ને ઉર્દુ.

વસુલાત—વીશ કરોડ રૂપિઆ છે.

પેદાશ—હિંદુસ્તાનમાં આ ઇલાકો સૌથી વિશાળ ને રસાળ છે. અહીં ચોખા ઘણા પાકે છે. સરસી, ખાંડ, ગળી, સણ, તમાકુ વગેરે ઘણા પાકે છે. રેશમી તથા સુતરાઉ કાપડ ને મલમલ પણ વણાય છે.

વેપાર—આ ઇલાકાનો પરદેશ સાથે દર વરસે સાઠ કરોડ રૂપિઆનો વેપાર ચાલે છે.

આયાત—સુતરાઉ, ગરમ ને રેશમી કાપડ, ધાતુ, સંચા, મદીરા (દારૂ), કોયલા તથા પરચુરણ સામાન.

નિકાશ—અફીણ, સણ, અનાજ, દિવેલીઓ, કપાસ ને ઉન વગેરે.

મોટાં શહેરો-કલકત્તા, પાટણા, હોરા, ઢાક્કા, દારજીલીંગ, ચંદ્રનગર ને કટક વગેરે.

વિશેષ વર્ણન-બંગાળામાં આગળ નવાબનું રાજ્ય હતું.

શુદ્ધબંગાળા.

સીમા-ઉત્તરે નેપાળ ને ભૂતાન, પુર્વે આસામ ને બ્રહ્મદેશ, દક્ષિણે બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે બહાર.

શહેરો-કલકત્તા હિંદુસ્તાનની ગાદીની જગ્યા ને મોટું વેપારનું બંદર હુગલી નદીપર છે. તે પહેલાં નાનું ગામડું હતું, ત્યાંની ઇમારતો ઘણી સારી છે, તેથી તેને કોઇ કોઈવાર મહેલાતનું નગર કહે છે. નુદીઆ ભાગીરથીપર આગળ સંસ્કૃતશાળા સારૂ પ્રખ્યાત હતું. પ્લાસી હુગલીપર છે, અહીં કલાઇવે સને ૧૭૫૭માં નવાબ સુરાજ ઉદૌલાને હરાવી આ ફળદ્રુપ દેશ હિંદસરકારને છતી આપ્યો. મુર્શીદાબાદ ભાગીરથીપર છે, એ અગાઉ નવાબની રાજધાની હતું. કાશીમબજાર મુર્શીદાબાદની પાસે અગાઉ રેશમી કાપડ સારૂ પ્રખ્યાત હતું. દારજીલીંગ ઉત્તરમાં છે. અહીં ઠંડી હવાને લીધે યૂરોપિયનો ઉનાળામાં રહેઠાણ કરે છે. ઢાક્કા બ્રહ્મપુત્રાપર મલમલ ને સાબુ સારૂ પ્રખ્યાત છે. ચીતાગાંગ ચીતાગાંગ નદી ઉપર છે, આ બંદરમાં મોટાં વહાણો બંધાય છે, ત્યાં ડાંગર તથા સાગનાં લાકડાંનો વેપાર ઘણો સારો ચાલે છે. હુગલી હુગલી નદીપર છે, કલકત્તે આવ્યા અગાઉ ઇંગ્રેજોની અહીં કોઠી હતી. બર્દવાન હુગલીની ઉત્તરે છે, અહી રાજા રહે છે. ચીન્સુરા હુગલીપર છે, આ શહેર

અગાડી ડચને તાબે હતું ચંદ્રનગર ચીન્સુરાની દક્ષિણે ફ્રેંચને તાબે છે. હોરા કલકત્તા પાસે છલાકામાં મોટું રેલ્વે સ્ટેશન છે. એ સિવાય રાજમહલ, શ્રીરામપુર, કૃષ્ણનગર, બહેરામપુર, ફરીદપુર, સીરાજગંજ વગેરે છે. એ સિવાય રાણીગંજમાં કોયલાની ખાણો છે.

ઓરિસ્સા પ્રાંત.

આ પ્રાંત બંગાળાના કિનારાપર છે ને તે લંકા જેવડો મોટો છે.

નદીઓ- મહા, બ્રાહ્મણી, વૈતરણી ને સુવર્ણરેખા.

પેદાશ-ચોખા ઘણા પાકે છે ને લોઢાની ખાણો કેમ કેમ ઠેકાણે છે.

શહેરો કટક મહા નદીપર છે. બાલાસોર બંદર છે. જગન્નાથપુરી જાત્રાનું ઠેકાણું, અહીં જગદીશનું મંદિર છે.

બહાર.

આ પ્રાંત બંગાળા ને વાયવ્ય પ્રાંતોની વચ્ચે છે.

નદીઓ-ગંગા, સોણ, ગંડકી, કુસ્સી ને ગોગ્રા.

શહેરો-પાટણા (મૂળ નામ પાટલી પુત્ર) ગંગાપર, અહીં રેશમી કાપડ વણાય છે તથા અફીણ પાકે છે. ગયા, પાટણાની દક્ષિણે તીર્થનું ઠેકાણું છે, અહીં હિંદુઓ શ્રાદ્ધ કરવા આવે છે. ભાગલપુર, ગંગા પર છે. એ સિવાય મોંગીર, દીનાપુર, દરભંગા, બકસર વગેરે નાનાં શહેરો છે.

છોટાનાગપુર.

આ પહાડી પ્રાંત બહાર ને મધ્ય પ્રાંતોની વચ્ચે છે.

શહેરો—રાંચી ને હજારીબાગ છે.

બંગાળા ઈલાકાના દેશી રાજ્યો.

સિકીમ, કુચબહાર, ટીપરા, દરભંગા, મણીપુર ને લુશાઈ વગેરે.

આસામ પ્રાંત.

નદી—બ્રહ્મપુત્રા.

પર્વત—નાગા, જીંટીઆ, ગારો, ખાસ્યા વગેરે છે.

પેદાશ—કોયલા, લોઢું, ચુનો, રબર, રેશમ વગેરે. હિંદુસ્તાનમાં પહેલ વહેલી ચાહ અહીં વવાણી હતી અહીંની ચાંસા વખણાય છે.

શહેરો—ગોહટી, કામરૂપમાં છે. શીલહટ, કાચર, શીલાંગ, ડીબ્રોગઢ વગેરે નાના શહેરો છે.

વાયવ્ય પ્રાંતો.

સીમા—ઉત્તરે હિમાલય, અયોધ્યા ને નેપાળ. પૂર્વે બહાર. દક્ષિણે રેવા, બુદેલખંડ ને ગ્વાલીઅર. પશ્ચિમે રજપુત સંસ્થાન ને પંજાબ.

વિભાગો—આ પ્રાંતના ૭ પોલિટિકલ વિભાગો થયેલા છે. મધ્યે અલ્હાબાદ ને ઝાંસી. પુર્વે બનારસ ને ગોરખપુર. પશ્ચિમે આગ્રા ને મીરત. ગંગાની ઇશાને રોહીલખંડ ને કમાઉન.

ક્ષેત્રફળ—૮૨૦૦૦ ચોરસ માઈલ છે.

વસ્તી–૩૪૦૦,૦૦૦ માણસની છે. અહીં હિંદી ને ઉર્દુ બોલીઓ બોલાયછે.

નદીઓ–મુખ્ય નદી ગંગા છે એ સિવાય જમના, રામગંગા ગોમતી, ગોગ્રા, શોણ ને ગંડકી એ બધી નદીઓ ગંગાને મળે છે.

પેદાશ–હિમાલયના પ્રદેશમાં ઘણી સારી ચાહ થાય છે. એ સિવાય અનાજ, નારંગી, સરસી, ખાંડ, ગળી, કપાસ વગેરે.

શેહેરો–અલ્હાબાદ (પ્રયાગ) ગાદીની જગા, તેમજ જાત્રાનું ઠેકાણું ગંગા ને જમનાનાં સંગમપર છે. કાનપુર ગંગાપર લસ્કરની છાવણી છે, અહીં નાના સાહેબે શને ૧૮૫૭ માં ભારે કતલ ચલાવી હતી. બનારસ (કાશી) જાત્રાનું તેમજ હુનરનું ઠેકાણું, અહીં ત્રાંબા પીતળના વાસણ ઘણાં સારાં થાય છે. મીરજાપુર બનારસની પશ્ચિમે છે ગાઝીપુર ગંગાપર છે, ને ગુલાબજળને અફીણ સારૂ પ્રખ્યાત છે. ફરૂકાબાદ ગંગાપર છે. મથુરાં કૃષ્ણની જન્મભૂમિ તેમજ જાત્રાનું ઠેકાણું જમનાપર છે. મીરત ગંગાપર અહીં શને ૧૮૫૭માં મોટો બળવો ઉઠયો હતો. બરેલી રોહિલખંડમાં સૌથી મોટું શહેર છે. હરદ્વાર જાત્રાનું ઠેકાણું હોવાથી ત્યાં મોટો મેળો ભરાય છે. આગ્રા જમનાપર છે, અહીં શાહજહાં બાદશાહે પોતાની બેગમની યાદગીરીમાં તાજમહાલનો સુશોભિત રોજો બંધાવ્યો છે. કનોજ ગંગાપર, અહીં ૧૫૪૦ માં શેરશાહ પઠાણે હુમાયુનો પરાજય કર્યો હતો. મોરાદાબાદ રામગંગાપર છે. એ સિવાય ચુનાર, ગોરખપુર, ઝાંસી, વંદ્રાવન, અલીગઢ, કોઇલ, સાહરનપુર, રૂરકી, આલમોરા, નૈનીતાલ, કેદારનાથ, ગોકુળ, બદ્રીનાથ, શાહજહાનપુર, સીક્રી, સીકંદ્રા, ફતેહપુર, વગેરે નાનાં શહેરો છે.

મુખ્ય સુખાકારીના સ્થળો–દહેરા, લેનદુર ને મસુરી.

દેશીરાજ્યો–કાશી, રામપુર ને ગારવાલના છે.

વિશેષ વર્ણન–પહેલાં આ પ્રાંતને આગ્રા ઇલાકો કહેતા, ઈ. સ. ૧૮૭૭ માં અયોધ્યા પ્રાંત પણ આમાં ભેળી દીધો છે.

અયોધ્યા પ્રાંત.

આ પ્રાંત નેપાળ ને ગંગાની વચ્ચે છે.

ક્ષેત્રફળ–૨૪૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી–૧,૨૫ ૦૦,૦૦૦ માણસની છે. અહીં હિંદી ને ઉર્દુ બોલીઓ બોલાય છે

પેદાશ–આ દેશ ઘણો રસાળ છે. ઘઉં, [illegible], ખાંડ, ગળી ને કપાસ વગેરે થાય છે.

વિભાગો–આ પ્રાંતના ચાર ભાગ થયેલા છે. ઉત્તરે લખનોર, દક્ષિણે રાયબરેલી, પૂર્વે ફૈઝાબાદ ગોગ્રાપર છે, અયોધ્યા ગોગ્રાને કાંઠે રામચંદ્રજીની રાજધાની હતું. એ સિવાય સુલતાનપુર, રાયબરેલી, સીતાપુર, પ્રતાપગઢ વગેરે છે.

પંજાબ.

સીમા–ઉત્તરે કાસ્મીર, પૂર્વે જમના, દક્ષિણે રજપૂત સંસ્થાનો, પશ્ચિમે સુલેમાન પર્વત છે.

પ્રાંતો–લાહોર, જલંદર, દિલ્લી, દેરાજાત, પેશાવર ને રાવલપીંડી.

ક્ષેત્રફળ·૧,૧૧,૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી–૨,૧૦,૦૦,૦૦૦ માણુસની છે. વસ્તીનો મુખ્ય ભાગ સીખ છે, તેઓ હઠીલા, શૂરા ને લડવૈયા છે. અહીં પંજાબી, ઉર્દુ ને પુસ્તુ ભાષા બોલાય છે.

ધર્મ–શીખ, હિંદુ, મુસલમાની ને ખ્રીસ્તી છે.

પર્વતો–કારકોરમ, મીઠાના ડુંગરોની હાર ને શીવાલીક.

નદીઓ–સિંધુ, સતલજ, બીઆસ, રાવી, ચીનાબ ને જેલમ વગેરે છે.

પેદાશ–ફટકડી, ગણા, ઘઉં, તલ, તમાકુ, સિંધવ, બાજરો વગેરે.

હવા–ઉનાળામાં ગરમી પડે છે ને શિયાળામાં હિંદુસ્તાન માંહેલા સઘળાં દેશો કરતાં વધારે ઠંડી પડે છે.

સરોવર–માનસબલ, દલ ને વુલર કાશ્મિરમાં છે.

દુઆબ–સૌથી મોટો સિંધ સાગર દુઆબ છે. જેલમ દુઆબ જેલમ ને ચીનાબની વચ્ચે છે. રચના દુઆબ ચીનાબ ને રાવીની વચ્ચે. બારી દુઆબ રાવી ને બીઆસની વચ્ચે. જલંદર દુઆબ બીઆસ ને સતલજની વચ્ચે છે.

શેહેરો–લાહોર રાવી નદીપર ગાદીની જગ્યા, અહીં રણજીતસીંહની દેવડી તેમજ સારી સારી ઇમારતો છે. અમૃતસર રાવી ને બીઆસની વચ્ચે છે, અહીં સુતર, રેશમ ને શાલનાં કારખાનાં છે. અંબાલા સતલજ ને જમનાની વચ્ચે લશ્કરી મથક છે. દિલ્હી જમનાપર પંજાબમાં સૌથી મોટું શહેર છે, અહી કુતુબ મીનારો, કુતુબ મસ્જીદ વગેરે સારી સારી ઇમારતો છે. મુલતાન ચીનાબપર લશ્કરી મથક તેમજ કારખાનાવાળું શહેર છે. અટક કાબુલ ને સિંધુનદીના સંગમપર છે. પેશાવર ખૈબરઘાટપર મોટું લશ્કરી

મથક છે. એ સિવાય મીનગીર, ગોવિંદગઢ, જલંદર, કાંગ્રા નગરકોટ, થાણેશ્વર (કુરૂક્ષેત્ર) પાનીપત, ડેરાઈસ્માઇલખાન, ડેરા ગાઝીખાન, મીથનકોટ, રાવલપીંડી, ગુજરાત, શીલાચાન વાલા વગેરે છે.

સુખાકારીના સ્થળો–સિમલા હિમાલય પાસે, અહીં શીતળ હવાને લીધે હિંદુસ્તાનનો વાઈસરોય વરસમાં ઘણા મહિના મુકામ કરે છે. એ સિવાય મરી ને ડેલહૌસી છે.

દેશી રાજ્યો.

૧ કાશ્મિર.

વિભાગો–કાશ્મિર, લાડક ને જમુ.

આ દેશના કારખાનાઓમાં ઘણીજ સારી શાલો બને છે.

પર્વતો–હિમાલય ને કારાકોરમ.

નદીઓ–સિંધુ ને જેલમ.

સરોવર–માનસબલ, દલ ને વુલર.

શેહેરો–શ્રીનગર, જેલમપર, આખા પ્રાંતની રાજધાની છે. લેહ લાડકથી રાજધાની છે. એ સિવાય કાશ્મિર, જામુ, ને ઈસ્લામબાદ છે.

રાજ્ય–આ દેશમાં રજપૂત રાજા રાજ્ય કરે છે તેને મહારાજાકહે છે.

---

૨ ભાવલપુર.

શેહેરો–ભાવલપુર ઘારા નદી ઉપર છે. એ સિવાય ઊંચ ને અહમદપુર છે.

રાજ્ય–મુસલમાન નવાબનું રાજ્ય છે.

---

૩ પતીઆલા તથા બીજા સીખ રાજ્યો.

પંજાબના સીખ રાજ્યોમાં પતીઆલાનું રાજ્ય સૌથી મોટું છે, એ સિવાય ઝીંદ, નભા, કપુરથલા, મંડી, ફરીદકોટ, વગેરે રાજ્યો તથા શહેરો છે. ચામ્બા ને બુસાહીર એ પહાડી દેશી રાજ્યો ઘણાં ફળદ્રુપ છે.

રજપુત સંસ્થાનો.

રજપૂત સંસ્થાનો સિંધની પૂર્વે ને પંજાબની દક્ષિણે છે. આ સંસ્થાનોનો વિસ્તાર મુંબઈ ઈલાકા કરતાં પણ વધારે છે.

વિભાગો–આ સંસ્થાનના ૧૮ વિભાગ થયેલા છે. ઉત્તરે બિકાનેર ને અલવર, પૂર્વે કિશનગઢ, જયપુર, ભરતપુર, ધોળપુર કિરોલી ને ટોંક દક્ષિણે બુંદીકોટા, ઝાલાવાડ, (ઝાલરાપટ્ટણ) પ્રતાપગઢ, વાંસવાડા, ડુંગરપુર, મેવાડ, (ઉદેપુર) સિરોહી, પશ્ચિમે જોધપુર (મારવાડ) ને જેસલમીર.

મુસલમાન નવાબને તાબે ટોંકનું સંસ્થાન છે. જાટને તાબે ભરતપુર ને ધોળપુરના સંસ્થાનો છે, બાકીનાં ૧૫ સંસ્થાનો રજપૂત રાજાઓને તાબે છે.

ક્ષેત્રફળ–૧૩૦૦૦ ચોરસમાઈલ છે.

વસ્તી–૧,૨૦,૦૦,૦૦૦ વસ્તીના મુખ્ય ભાગ રજપુત છે. તેઓ શૂરા લડવૈયા ને અભણ છે.

પેદાશ–ઘઉં, બાજરો, અફીણ, સોનું, ત્રાંબુ, આરસપહાણ, વગેરે.

પર્વતો–અરવલી રજપુત સંસ્થાનોના બે ભાગ કરે છે. એનું મુખ્ય શિખર આબુ છે, ત્યાં સારી ને સુખાકારી ભરેલી હવાને લીધે પોલિટિકલ એજંટ ઘણા વખત સુધી મુકામ કરે છે, વળી ત્યાં જૈન ધર્મીઓનાં શુશોભિત મંદીરો છે.

રણ–થરપારકરનું.

નદીઓ–સાબરમતી, મહી, લુણી, બનાસ, ચંબલ ને બટવા.

સરોવર–સાબર એ સરોવરમાં મીઠું પાકે છે. ઢેબર સરોવર મીઠું છે. ને તેમાંથી સાબરમતી વહે છે.

શહેરો–જોધપુર (મારવાડ)નું સંસ્થાન રજપુત સંસ્થાનોમાં સૌથી મોટું છે, એનું મુખ્ય શહેર જોધપુર છે, જયપુર ઈશાને છે, એ રજપુત સંસ્થાનોમાં સૌથી દ્રવ્યવાન ને ઝાઝી વસ્તીવાળું સંસ્થાન છે. મુખ્ય શહેર જયપુર ત્યાંના ઘરોની બાંધણી ઘણી સારી છે ને સારાં સારાં ચિત્રો થાય છે. ઉદેપુર (મેવાડ) અજમેરની દક્ષિણે છે, એનું મુખ્ય શહેર ઉદેપુર એ મહારાણા ઉદયસિંહનું વસાવેલું છે, અહીં તેનો સુશોભિત મહેલ છે. ચીતોડ પ્રાચીન ગાદીની જગ્યા ઇશાને છે. વિકાનેર વિકાનેર સંસ્થાનની ગાદીની જગ્યા પશ્ચિમે છે, અહીંની સાંઢણીઓ વખણાય છે. જેશલમીર, જેસલમીર સંસ્થાનની ગાદીની જગ્યા પશ્ચિમે છે, અહી કુવા ૨૦૦ થી ૩૦૦ ફૂટ ઉંડા હોય છે. ભરતપુર ભરતપુર સંસ્થાનની રાજગાદીની જગ્યા આગ્રાની પશ્ચિમે છે, આ શહેરનો કિલ્લો ઘણો મજબુત હતો. સિરોહી જોધપુરની દક્ષિણે છે, અહીંની તલવાર વખણાય

છે, પુષ્કરજી અજમેરથી ચાર માઈલ છેટે છે, ત્યાં બ્રહ્માનું મોટું દેરૂં છે. ડુંગરપુરની મૂર્તિઓ વખણાય છે. એ સિવાય બુંદી. કોટા કારોલી, કિશનગડ. અલવડ, વાંસવાડા, પ્રતાપગઢ, ઝાલરાપટ્ટણ, ધોળપુર, ટાંક, નસીરાબાદ, દીગ, પાલી, ગાંચેરી, શીકાવતી વગેરે છે. અજમેર સંસ્થાન ઈંગ્રેજ સરકારને તાબે છે, એનું મુખ્ય શહેર અજમેર છે.

મધ્યહિંદ એજન્સી.

એમાં ૭૧ દેશી રાજ્યો છે, જેઓ એક એકથી સ્વતંત્ર છે. પણ તેઓ ઇંગ્રેજ સરકારની આજ્ઞા માને છે.

વિભાગો—પુર્વે રેવા ને બુંદેલખંડ, ઉત્તરે ગ્વાલીયર, અથવા સિંધિઆનું રાજ્ય, દક્ષિણે ભોપળ, ઇંદોર, અથવા હોલકરનું રાજ્ય.

ક્ષેત્રફળ-૭૫૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી—૧૦૦૦૦૦૦ માણસની છે.

નદીઓ—ચંબલ, બટવા, ક્ષીપ્રા, નર્મદા ને સોણ.

પર્વતો—કૈમુરના ડુંગરો.

સિંધિઆનું રાજ્ય—ગ્વાલિયર ગ્વાલિયર સંસ્થાનની ગાદીની જગ્યા છે. ઉજ્જન ક્ષીપ્રા, નદીપર, એમાં રાજા વિક્રમની ગાદી હતી. અહીં નદીની વચ્ચે મહાકાળેશ્વરનું મંદીર છે. મોરાર ને નીગચમાં લશ્કરી છાવણી છે. ચંદેરી, ભીલ્સા, મદેસર, ને હાંત્યા વગેરે નાનાં શહેરો છે.

હોલકરનું રાજ્ય—આ રાજ્ય નર્મદાની બન્ને બાજુએ છે, અહી અફીણ ઘણું પાકે છે.

શહેરો—ઇંદોર રાજધાનીનું શહેર વિંધ્યાચળની ઉત્તરે છે. ગાઢુ ઈંદોર પાસે લશ્કરી છાવણી છે, એ સિવાય નિમાડ ને મંડળેશ્વર છે.

ભોપાળનું રાજ્ય—નર્મદાની ઉત્તરે મુસલમાન બેગમને તાબે છે.

શહેરો—ભોપાળ ગાદીની જગ્યા છે. સિહોર ભોપાળના પશ્ચિમે છે, અહીં પોલિટિકલ એજંટ રહે છે, એ સિવાય રાયસેનનો કિલ્લો છે.

બુંદેલખંડ—બુંદેલ રજપુત રાજ્ય સ્થાપનાર હોવાથી બુંદેલખંડ કહેવાય છે. તેમાં મુખ્ય શહેરો તહેરી, કાલેંજર, પન્ના છતરપુર વગેરે છે.

રેવા—રેવાનું સંસ્થાન મધ્ય હિંદ એજન્સિમાં છે, અને તે બીજે નંબરે છે. ત્યાં કીમતી ખાણો ને જંગલો છે, મુખ્ય શહેર રેવા છે.

નાનાં રાજ્યો—ધાર ભોપાળની પશ્ચિમે ભોજ રાજાની રાજધાની હતું. રતલામનું અફીણ વખણાય છે. એ સિવાય જાવડા જાંબુવા ને અલીરાયપુર છે.

મધ્ય પ્રાંતો.

સીમા—ઉત્તરે બુંદેલખંડ ને વાયવ્ય પ્રાંતો, પશ્ચિમે ભોપાળ, ઈંદોર ને ખાનદેશ, દક્ષિણે હૈદરાબાદ, ને વરાડ પુર્વે મદ્રાસ ઇલાકો ને બંગાળા છે.

વિભાગો—દક્ષિણે નાગપુર તાલુકો, ઉત્તરે જબલપુર તાલુકો પુર્વે છ-તીસપુર તાલુકો ને પશ્ચિમે નર્મદાનો પ્રદેશ છે.

ક્ષેત્રફળ—૮૫૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી–૧, ૧૦, ૦૦, ૦૦૦ માણસની છે,

ઇતિહાસ–એ ઘણો વિશાળ પ્રાંત છે. આ પ્રાંતનો થોડો ભાગ ઈ. સ. ૧૮૧૦ માં ને બાકીનો ઇ. સ ૧૮૫૭ માં નાગપુરનો રાજા બીનવારસ મરી જવાથી ઇંગ્રેજ સરકારને મળ્યો છે.

પર્વતો–સાતપુડા, વિંધ્યાચળ, પંચમહારીના તથા મહાદેવના ડુંગરો.

નદીઓ–વર્ધા, વેનગંગા, પ્રાણહીતા, નર્મદા, તાપી ને મહા વગેરે.

પેદાશ–કોયલા ઘણે ઠેકાણે મળે છે વર્ધાની ખીણમાં કપાસ પાકે છે વેનગંગાના પ્રદેશમાં ચોખા ઘણા પાકે છે. છતીસગઢમાં ઘઉં ઘણાં ને સારા થાય છે.

શેહેરો–નાગપુર ગાદીની જગ્યા નાગનદીપર છે, અહીં રેશમી કિનારના ધોતીઆં સારાં થાય છે. હીંગણઘાટ નાગપુરની દક્ષિણે છે, અહીનું રૂ વખણાય છે. જબલપુર નર્મદા નદીપર, અહીં મોટી હુનર શાળા છે. સાગર ને કામ્પટીમાં લશ્કરી છાવણી છે. એ સિવાય સીતાબુલ્દી, નરસીંગપુર, હુસંગાબાદ આસીરગઢ, રામપુર, મંદા, ખંડવા, દ્લાસપુર વગેરે. બુરાનપુર તાપીનદીને કાંઠે છે અહીંનાં શેલાં વખણાય છે. સંબલપુર મહાનદીપર, અહીંના હીરા વખણાય છે.

દેશીરાજ્ય.

બુસ્તર એનું મુખ્ય શહેર બુસ્તર એટલે જગદલપુર ઇરાવતી નદીપર છે.

નિજામનું રાજ્ય.

ખંડીઆ દેશી રાજ્યોમાં નિજામનું રાજ્ય સૌથી મોટું છે.

સીમા—ઇશાને મધ્ય પ્રાંતો, દક્ષિણે મદ્રાસઇલાકો, પશ્ચિમે મુંબઇઇલાકો.

ક્ષેત્રફળ—આ રાજ્યનો વિસ્તાર મધ્ય પ્રાંત જેટલોજ છે

નદીઓ—પેનગંગા, ગોદાવરી, કૃષ્ણા, તુગભદ્રા, મુસી, ભીમા, પ્રાણહિતા વગેરે.

પેદાશ—અનાજ, કપાસ, દિવેલીઓ વગેરે.

શહેરો—હૈદરાબાદ એ રાજધાનીનુ શહેર મુસીનદીપર છે. સીકંદરાબાદ ને બોલારમમાં લશ્કરી છાવણી છે. ગોવળકુંડા કૃષ્ણાપર હીરા સારૂ પ્રખ્યાત છે. ઔરંગાબાદ ઔરંગજેબનું પ્રિય રહેઠાણ ગોદાવરીપર છે દોલતાબાદ (દેવગીરી) ઔરંગાબાદ પાસે છે. વરંગુળ હૈદરાબાદની ઇશાને પ્રાચીન કાળમા તૈલંગાના નામના હિંદુરાજ્યની રાજધાની હતું. એ સિવાય પેંડણ, નાદેડ, બાદર, ગુલબર્ગા, રાયચુર, આસાઇ, જાલના, અજન્ટા ને કલ્યાણ વગેરે.

વરાડ.

વરાડ પ્રાંત મધ્ય પ્રાંતોની પશ્ચિમે છે. એ પ્રાંતનું ૨ વખાણાય છે.

ક્ષેત્રફળ—૧૭૭૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી—૨૫,૦૦,૦૦૦ છે.

નદીઓ—પેનગંગા ને પૂર્ણા.

સરોવર—લુનાર એ ખારૂં છે.

ભાષા–મુખ્ય બોલી મરાઠી છે.

પેદાશ–કોયલા ને રૂ વગેરે.

શહેરો–અકોલા ને ઉમરાવંતી એ રૂના મુખ્ય મથક છે. ઇલિચપુર ઉત્તરે છે. ખામગામ અકોલાની પશ્ચિમે રૂનું મથક છે. ગાવીલગઢ ઇલિચપુરની પશ્ચિમે છે. અહીં ડુંગર પર મોટો કિલ્લો છે. આર ગામ અકોલાની વાયવ્યે અહીં વેલસલી સાહેબે મરાઠાઓને ઇ. સ. ૧૮૦૩ માં હરાવ્યા હતા.

મુંબઇ ઇલાકો.

સીમા–ઉત્તરે બલુચીસ્તાન ને રજપૂતસંસ્થાન, પૂર્વે મધ્ય પ્રાંતો ને નિજામનું રાજ્ય, દક્ષિણે મ્હૈસૂર પ્રાંત, પશ્ચિમે અરબીસમુદ્ર ને બલુચીસ્તાન છે.

વિભાગો–આ ઇલાકાના પંચ વિભાગ થયેલા છે. સિંધ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર (દક્ષિણ ને કોંકણ છે) દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તર કાનડા.

ક્ષેત્રફળ–૨૫૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી–૧.૯૦,૦૦,૦૦૦ માણસની છે.

ભાષા–સિંધમાં સિંધી, કચ્છમાં કચ્છી. ગુજરાતમાં ગુજરાતી ને મહારાષ્ટ્રમાં મરાઠી તથ કાનડી ભાષા બોલાય છે.

હવા–ઘણો વરસાદ પડવાથી હવા શાંત રહે છે. સિંધ દેશ સૂકો છે.

પર્વતો–હાલા, સહ્યાદ્રી, સાતપૂડા, પણ ગિનાર, શત્રુંજો, આબુ, આરાસુર, પાવાગઢ, તારીંગ ન ચા વડ વગેરે

નદીઓ-સિંધુ, સાબરમતી, મહી, નર્મદા, તાપી, ગોદાવરી ને કૃષ્ણા વગેરે.

અખાત-કચ્છનો ને ખંભાતનો.

બેટો-મુંબઇ બેટ, સંખોદ્ધાર, દીવ, વસઇ, ધારાપુરી ને સાષ્ટી વગેરે.

દ્વિપકલ્પ-કાઠિયાવાડ.

ભૂશીર-માંજ, દીવ, જગતપોઇંટ વગેરે.

પેદાશ-અનાજ, રૂ, નાળિએર ને સાગનાં લાકડાં.

વસુલાત-આ ઇલાકાની વાર્ષિક વસુલાત ૧૩ કરોડ રૂપિઆ છે.

વેપાર-મુંબઈ બંદરનો દર વરસે પરદેશ સાથે ૮૫ કરોડ રૂપિઆનો વેપાર ચાલે છે.

આયાત-સુતરાઉ કાપડ, ગરમ ને રેશમી કાપડ, ધાતુ, સંચા, કોલસા, મદારા (દારૂ) ને વિલાયતી સામાન.

નિકાસ-કપાસ, ઉન (પશમ,) અફીણ, દિવેલીઓ, અનાજ વગેરે.

દેશીરાજ્યો-ખેરપુર સિંધમાં છે. કચ્છ, ગુજરાતમાં કાઠિયાવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત એજન્સિ, ગાયકવાડ ને ખંભાત સંસ્થાન. કોકણમાં જવાર સંસ્થાન, જંજીરા ને સાવંતવાડી, દક્ષિણમાં ખાનદેશ અજન્સિ, પેઠ, સતારા જાગીર, ભોર, ફલટણ વગેરે અને અક્કલકોટ, દક્ષિણ મહારાષ્ટ્રમાં કોલ્હાપુર, સાંગલા, જમખંડી (દક્ષિણ મરાઠા જાગીર) ને સાવનુર.

મોટાં શેહેરો-મુંબઇ, કરાચી, પુના, અમદાવાદ, સુરત, વડોદરા, ભૂજ, માંડવી, ભરૂચ, ખંભાત, પાલણપુર, ડિસા, ઇડર, ગોધરા, ભાવનગર, જુનાગઢ, નવાનગર, રાજકોટ, વઢવાણ, દમણ, ધાણા,

જંજીરા, રત્નાગીરી, સાંવતવાડી, ધુલીઆ, નાશિક, સતારા, સોલાપુર, બેલગામ, અક્કલકોટ, કોલ્હાપુર, ધારવાડ ને ગોવા વગેરે.

મોટાં બંદરો–મુંબઇ, કરાચી, કારવાડ.

સિંધ પ્રાંત.

ઇતિહાસ–આ પ્રાંત ઇ. સ. ૧૮૪૩ માં ઇંગ્રેજ સરકાર સર ચાર્લ્સ નેપીયરે મીરો પાસેથી જીત્યો છે.

જીલ્લા–કરાચી જીલ્લો, હેદરાબાદ જીલ્લો, શિકારપુર, થરપારકર ને ઉપલો સરહદનો મુલક.

વસ્તી–૨૦,૦૦,૦૦૦ માણુસની છે. મુખ્ય રહેવાસી સિંધી છે.

ભાષા–સિંધી ને બલોચી.

પર્વત–હાલા ને પબ

નદીઓ–સિંધુ તેમાં ઘણી નહેરો ખોદેલી છે.

દેશી રાજ્યો–ખૈરપુર.

હવા–આ દેશની હવા ગરમ છે. સિંધુ નદીપરથી આ દેશને સિંધ પ્રાંત કહે છે.

પેદાશ–અનાજ, કપાસ ને દિવેલીઆ વગેરે. આ દેશમાં વરસાદ થોડો પડે છે તેથી ખેતીનો મુખ્ય આધાર સિંધુ નદીપર છે.

બૂશીર–માંજ.

બેટ–મનોરા.

શહેરો–કરાચી એ સિંધમાં સૌથી મોટું શહેર ને વેપારનું મુખ્ય બંદર છે. હેદરાબાદ મીરના વખતમાં ગાદીની જગ્યા હતું. અહીં ઘણી

જાતનું ભરત કામ થાય છે. શિકારપુર સિંધુની પશ્ચિમે વેપારનું મથક છે. ઉમરકોટ અકબર બાદશાહની જન્મભૂમિ થરપારકરની રાજ્યધાની છે એ સિવાય જેકમાબાદ, ઠઠ્ઠા, સક્કર, બક્કર, રોહડી, લાડખાના, સેવાન, કોટ્રી, શાહબંદર, મિઆણી ખૈરપુર, ટંડ આલાયાર, મહમદખાન, ગોટકી, બદીણા વગેરે.

કચ્છ પ્રાંત.

આ પ્રાંતની ઉત્તરે તથા પૂર્વે રણ છે, દક્ષિણે કચ્છનો અખાત, ને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

ઇતિહાસ—આ પ્રાંતના રાજાને રાવ કહે છે, તે જાડેજા રજપૂત છે. આ પ્રાંતના પોલિટિકલ એજંટની છાવણી ભૂજમાં છે.

ભાષા—આ દેશના લોકો કચ્છી તથા ગુજરાતી ભાષા બોલે છે. અહીંના વતનીઓ લાંબો વખત દુર દેશાટન કરે છે.

અખાત—કચ્છનો.

રણ—કચ્છનું

પર્વતો—કાળો. નનામો, ધીણોધર વગેરે.

પેદાશ—અનાજ, કપાસ વગેરે.

નદીઓ—નાગમતી, ખારી, રૂકમાવતી, કનકાવતી, વગેરે નાની નદીઓ છે.

વિભાગ—આ પ્રાંતના આઠ તાલુકા થયેલા છે. ૧ રાપર તાલુકો, ૨ ભચાઉ તાલુકો, ૩ અંજાર તાલુકો, ૪ ભૂજ તાલુકો, ૫ અબડાસા તાલુકો ૬ મુંદ્રા તાલુકો, ૭ માંડવી તાલુકો, ૮ લખપત તાલુકો.

શહેરો-ભુજ, એ રાજ્યધાનીનું શહેર મધ્ય ભાગમાં છે ઇ. સ. ૧૮૧૯ માં ધરતી કંપથી આ શહેરનો લગભગ નાશ થઇ ગયો હતો. એ સિવાય માંડવી અંજાર, મુંદ્રા, લખપત, જખૌ, તેરા, કોઠારા, તુણા, કંથકોટ, નારાણસરોવર, કોટેશ્વર, ફરાદી, ખાવડા, ગઢડા વગેરે છે

બંદરો-માંડવી, મુંદ્રા, લખપત, તુણા, જખૌ, ખારીરોહર, કોટેશ્વર.

ગુજરાત.

સીમા-ઉત્તરે કચ્છનું રણ ને આબુ, પૂર્વે માળવા, ખાનદેશ, ને સાતપૂડો. દક્ષિણે થાણા જીલ્લો ને અરબી સમુદ્ર, પશ્ચિમે કચ્છનો અખાત, અને અરબી સમુદ્ર છે.

વિભાગો-આ પ્રાંતમાં આઠ મોટાં દેશી રાજ્ય છે. ૧ કાઠિયાવાડ એજન્સિ, એમાં ઘણાં નાનાં રાજ્ય છે ૨ પાલણપુર, ૩ મહિકાંઠા એજન્સિ, ૪ રેવાકાંઠા એજન્સિ ૫ ગાયકવાડ સંસ્થાન, ૬ ખંભાત સંસ્થાન, ૭ પંચમહાલ એજન્સિ અને ૮ સુરત એજન્સિ, તથા આ પ્રાંતનાં ઈંગ્રેજ રાજ્યના પાંચ જીલ્લા, થયેલા છે સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ, ને અમદાવાદ.

વસ્તી-૭૫,૯૪,૭૭૫ આ દેશના રહેવાશીઓને ગુજરાતી કેહે છે. તેઓ ગુજરાતી ભાષા બોલે છે.

પર્વતો-સાતપૂડો, વિંધ્યાચળ, આબુ, પાવાગઢ, ગિરનાર ને ગરડા વગેરે,

નદીઓ—નર્મદા, તાપી, મહી, સાબરમતી, શેત્રુંજી, સરસ્વતી, બનાસ, વાત્રક, મેશ્વો, સેઢી, કીમ, ખારી, હાથમતી, ઢાઢર ને આજી વગેરે.

અખાત—ખંભાતનો અખાત ને કચ્છનો અખાત.

બેટ—દીવ, પીરમ, અને બેટ સંખોદ્ધાર.

પેદાશ—ઘઉં, બાજરો, જુવાર, ડાંગર, રૂ, અનેક જાતના કઠોળ, શેરડી, ગળી, તુવેર, કોદરા, બાવટી નાગલી, મહુડાં, મહુડા, તમાકુ, આદુ, કંદ વગેરે.

આયાત—સુતરાઉ, ગરમ ને રેશમી કાપડ, વિલાયતી સામાન, સંચા, મદીરા (દારૂ) વગેરે

પ્રાચીન રાજ્યધાનીઓ—દ્વારકાં, વલ્લભીપુર, પંચાસર, અણહિલવાડ પાટણ, વગેરે. હાલ ગુજરાતની રાજ્યધાની અમદાવાદ છે

ફીરંગીના તાલુકા—દીવ ને દમણ.

હબસીના તાલુકા—જાફરાબાદ.

શહેરો—અમદાવાદ એ સાબરમતી નદી ઉપર છે, અહીં સારી સારી ઈમારતો છે. સુરત તાપી નદીપર વેપારનું મથક હતું, અહીં ઇંગ્રેજોએ ઈ. સ. ૧૬૧૨ માં કોઠી નાંખી હતી. વડોદરા વિશ્વામિત્રી (મહી) નદીપર છે, અહીં મહારાજા શિયાજીરાવ ગાયકવાડ સરકારનો સુશોભિત તથા જોવા લાયક મહેલ છે. ભરૂચ નર્મદા નદી પર રૂના વેપારનું મથક છે ભાવનગર, જુનાગઢ, રાજકોટ નવાનગર, પોરબંદર, ગોંડળ, મોરબી, વગેરે કાઠિયાવાડમાં જોવા લાયક શહેરો છે. એ સિવાય નડીયાદ, ખેડા, ગોધરા, ડીસા, પાલણપુર,

વાદરા, પાટણ, ઈડર, ખંભાત, વાંસદા ધરમપુર ને લુણાવાડા વગેરે છે.

ઉત્તર મહારાષ્ટ્ર.

૧ દક્ષિણ.

જીલ્લા–ખાનદેશ (ધુળીઆ) નાશિક, અહમદનગર, પુના, સતારા, સાલાપુર.

દેશીરાજ્યા–પેંઠ સંસ્થાન, ખાનદેશ એજન્સિ (ડાંગનો દેશ) સુળગણાનો દેશ અને (મહેવાશી પરગણા) સતારા જાગીર (ભોર, ફલટણ, ઔંધ ને જત) ને અક્કલકોટ સંસ્થાન.

નદીઓ–તાપી, ગોદાવરી, કૃષ્ણા, ભીમા, સીરા, નીરા, મૂળામૂઠા વગેરે

પર્વતો–સાતપૂડા, સંહ્યાદ્રિ ને ચાંદવડ.

ભાષા–મરાઠી ને કાનડી.

શહેરો–ધુળીઆ ખાનદેશનું મુખ્ય શહેર છે. પુના અહમદનગરની દક્ષિણે પેશ્વાની રાજ્યધાની હતું, ને મોટું લશ્કરી મથક છે સતારા મરાઠાની ગાદીની જગ્યા પશ્ચિમે છે સોલાપુર પુનાની પૂર્વે વેપારનું મથક છે. અહીં કાપડના સાંચા છે. મહાબળેશ્વર વાયવ્યે છે, અહીં શીતળ ને સુખાકારી ભરેલી હવાને લીધે મુંબઇનો ગર્વનર અને કાઠિયાવાડના રાજા ઉનાળામાં મુકામ કરે છે અહમદનગર આગળ મુસલમાન પાદશાહની રાજ્યધાની હતું. હાલ ઇંગ્રેજને તાબે સીના

નદીપર છે. નાશિક, ત્ર્યંબક, ને પંઢરપુર વગેરે જાત્રાનાં સ્થળો ગોદાવરી નદીપર છે. એ સિવાય બોર, ફલટણ, ઔંધ ને જત, પુરંધર, ખંડાળા, કોરેગામ, આસ્ટી, ખડકી વગેરે છે.

કોંકણ.

નદીઓ—આંબા એ સિવાય બીજી ઘણી નાની નદીઓ છે.

પર્વત—સહ્યાદ્રિ.

જીલ્લા—થાણા, કોલાબા (અલીબાગ), રત્નાગિરિ વગેરે.

દેશીરાજ્ય—જવાર, જંજીરાને સાવંતવાડી.

શેહેરો—મુંબઈ એ મુંબઇ ઇલાકાનું મુખ્ય શહેર, હિંદુસ્તાનમાં બીજું મોટું શહેર તથા એશિયામાં સૌથી મોટું વેપારનું બંદર છે. આ શેહેર ઇ સ. ૧૬૬૧ માં ઇંગ્લાંડના બાદશાહ ચાર્લ્સ બીજાને પેરામણીમાં પોર્ટુગાલના બાદશાહ પાસેથી મળ્યું હતું, એમાં જોવા લાયક ઇમારતો ટાઉનહાલ, ટંકશાળ, યુનિવરસિટિહાલ, રાજાબાઇ ટાવર, ક્રાફર્ડમારકેટ, રાણીનો બાગ. સંગ્રહસ્થાન (મ્યુઝીયમ) એલફીનસ્ટન કોલેજ, વિક્ટોરિયા ટર્મીનસ, (નવુંસ્ટેશન) મ્યુનિસિપલ ઓફીસ વગેરે. એ સિવાય થાણા, જવાર, અલીબાગ. જંજીરા, રત્નાગિરિ, સાવંતવાડી, કલ્યાણી, વાંદરા, માહીમ, વસાઇ, કોલાબા, વિજયદુર્ગ (ગેરીયા) અને રાજાપુર વગેરે છે.

દક્ષિણ મહારાષ્ટ્ર ને ઉત્તરકાનડા.

પર્વત—સહ્યાદ્રિ.

નદીઓ–કૃષ્ણા (એની શાખા ભીમા, ઘટપ્રભા, મલપ્રભા), વારણા, તુંગભદ્રા ને વર્ધા.

જીલ્લા–કલાદગી, બેલગામ, ધારવાડ ને કારવાડ (શદાશિવગઢ).

દેશીરાજ્ય–કોલ્હાપુર, દક્ષિણ મરાઠા જાગીર. (સાંગલી, જમખાંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, રામદુર્ગ) ને સાવનુર.

શેહેરો–કલાદગી, ધારવાડ ને બેલગામ એ ઉત્તર કાનડામાં મુખ્ય શેહેરો છે. હુબલી ધારવાડ પાસે છે, એ રૂનું મુખ્ય મથક છે. બાગલકોટ કૃષ્ણા નદીપર છે. વીજાપુર બાગલકોટ પાસે છે. એ સિવાય કોલ્હાપુર, સાંગલી, જમખીંડી, કારવાડ વગેરે

મુંબઇ ઇલાકાના બંદરો–કરાચી, કેટીબંદર, સીરગંઢા, માંડવી, મુંદ્રા, સલાયા, નવાનગર, જોડીયા, બેટસખોદ્ધાર, દ્વારિકા, ગિયાણી, પોરબંદર, નવીબંદર, માંગરોળ વેરાવળ, દીવ, જાફરાબાદ, મહુવા, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ, દમણ, ગાહીમ, વસાઈ, મુંબઇ, રત્નાગિરિ, રાજાપુર, વિજયદુર્ગ, ગોવા, કારવાડ હોનાવર વગેરે.

મદ્રાસ ઇલાકો.

સીમા–-ઉત્તરે કાનડા, ધારવાડ, નિજામનું રાજ્ય, છોટાનાગપુર ને ઓઢીઆ (ઓરીસા); પૂર્વે બંગાળાનો ઉપસાગર, દક્ષિણે મનારનો અખાત ને પશ્ચિમે મ્હૈસૂર છે

વિભાગો–આ ઇલાકાના પાંચ ભાગ થયેલા છે. ઉત્તર સરકાર, કર્ણાટક

ને મલબાર, ઈંગ્રેજ સરકારને તાબે છે. ત્રાવણકોર ને કોચીન એ દેશી રાજ્યો છે.

ક્ષેત્રફળ–૧,૪૦,૦૦૦ ચોરસ માઇલ છે

વસ્તી–૩૫,૫૦,૦૦૦૦ માણસની છે. આ ઇલાકાના રહેવાસીઓ દ્રાવિડ કુળના છે, તેઓ તામિલ તેલંગી, મલાયલમ, ને કાનડી ભાષા બોલે છે.

પર્વતો–પૂર્વઘાટ ને પશ્ચિમઘાટ, નીલગિરિ એ બેનેને જોડે છે. શેવરાઇ મદ્રાસની નૈરૂત્યે છે, એનામ લૈશ ને પુલનીસ પૂર્વમા છે. પાલમઘાટ નીલગિરિની દક્ષિણમાં છે. અણુમુડી દક્ષિણ હિંદુસ્તાનમાં સૌથી ઉંચું શિખર છે. નાગરીના ડુંગરો મદ્રાસની વાયવ્યે છે

નદીઓ–ગોદાવરી, કૃષ્ણા કાવેરી, પનાર ને પલાર વગેરે છે

અખાત–મનારનો અખાત ને પાલ્બનની ખાડી.

ભૂશિર–કન્યા કુમારી ને કાલીમીર,

સામુદ્રધુની–મનારની ને પાકની.

બેટ–લંકા ને રામેશ્વર.

પેદાશ–ચોખા, બાજરો, તમાકુ, નાળિએર, ખુંદ, (કોરી) સોપારી, એલચી, સાગ તથા સીસમનાં લાકડાં, તેજાના, દિવેલાયાં વગેરે.

ખનિજ પેદાશ–લોઢું ઘણું નીકળે છે. સોનાની રજ નદીઓમાંથી નીકળે છે, હીરા ગોદાવરી, ને કૃષ્ણા નદીમાંથી કોઇ કોઇવાર મળે છે.

આ ઇલાકાને પશ્ચિમ કિનારાને મલબાર કિનારો ને પૂર્વ કિનારાને કારોમાંડળ કિનારો કહે છે.

વેપાર–પરદેશ સાથે દરવરશે ૨૭ કરોડ રૂપિયાનો વેપાર ચાલે છે.
આયાત–સુતરાઉ, ગરમ ને રેશમી કાપડ, ધાતુ મદીરા (દારૂ).
નિકાશ–ચોખા કૉફી, (ગુંદ) ગળી, ખાંડ, તેલ, એલચી, સાગનાં લાકડાં તેજાનાં વગેરે.

ઉત્તર સરકાર.

આ પ્રાંત ચીલ્કા સરોવર ને ગંડલકામા નદીની વચ્ચે છે
શેહેરો–મચ્છલીપટ્ટણ કૃષ્ણા નદીપર છે, અહીં છીંટના કારખાનાં છે. રાજમહેંદ્રી ગોદાવરીપર છે ગંજામ ચીનૂર પાસે છે. ગંતુર નૈરૂત્યે છે. કોકાનાદા ને કોરીંગા ગોદાવરીના મુખ પાસે છે. કર્લીંગાપટ્ટણ, વીમલીપટ્ટણ, ને ગોપાલપુર, એ બંદરો છે. વીજાગાપટ્ટણ એ ગોદાવરીના પ્રદેશમાં છે અહીં શીંગડાની પેટીઓ સારી થાય છે, અલોર ગોદાવરીના પ્રદેશના સૌથી મોટું શહેર છે, અહીં સારી શેતરંજીઓ ને ગાલીચા બને છે. એ સિવાય બેજવાડા, બહેરામપુર, નર્સાપુર રસલકોંડા, ચીકાકોલ, ને આસ્કામા ખાંડ બને છે

કર્ણાટક

વિભાગો–એમાં બાલાઘાટ ને કર્ણાટક એ મુખ્ય પ્રાંતો છે. આ પ્રાતનો ઘણો ભાગ ઇંગ્રેજને આર્કોટના નવાબ પાસેથી મળ્યો છે.
નદીઓ–પલાર, પન્નાર, પનેર, કૃષ્ણા ને કાવેરી.

શેહેરો–કર્નુલ એ તુંગભદ્રાપર છે. બેલારી કર્નુલની નૈરૂત્યે છે. અનંતપુર ને ગુટી, એ શહેરો બાલાંઘાટમાં છે મદ્રાસ એ હાલની રાજ્યધાની ને આર્કાટમા નવાબના વખતમાં કર્ણાટકની રાજ્યધાની હતું. તંજુર કાવેરીપર છે, અહીં મોટું મંદાર છે ત્રીચીનાપલી એ કાવેરીપર ચારૂટ ને રત્નો સારૂ પ્રખ્યાત છે. તુતુકુંડી પૂર્વ કિનારે છે, અહીંથી સરસ મોતી નીકળે છે. કુમ્બાકોનમ તંજુરની ઈશાને જાત્રાનું ઠેકાણું છે. ડીડીગલ ને કોઈમ્બેતુર (કોઇમથુર) હવા લેવાનાં ઠેકાણા છે. એ સિવાય નેલુર, વેલુર, ચીતુર, વાંદીવાશ, સેલમ, નેગાપટ્ટણ, ત્રાંકવીબાર, મદુરા, રામનદ, પાલમકોટ, રામેશ્વર, તીનવલી, કાંજેવરમ (અહીં મોટું મંદીર છે). ચીંગલપટ વગેરે.

મલબાર પ્રાંત.

વિભાગો–મલબાર, વૈનર ને દક્ષિણ કાનડા છે, એ ત્રણે મહેસૂરના સુલતાન ટીપુ પાસેથી ઇંગ્રેજ સરકારને ઇ. સ. ૧૭૯૯ માં મળ્યા છે.

શેહેરો–મણાંદવદી, વૈનદનું મુખ્ય શહેર છે. એ પ્રાંતમાંથી સોનું નીકળે છે ને કૅાફી (બુદ) ઘણા થાય છે. એ સિવાય ઉતાકામંદ ને કુનુર છે.

મલબાર પ્રાંત (આ પ્રાંત ઘણો રસાળ છે.)

શેહેરો–કાનાનૂર રાજ્યધાની અને લશ્કરી મથક છે એ સિવય કલીકટ, કોચીન, બેપૂર, તાલીચેરી માહી (ફ્રેંચનુ) પાનાણી વગેરે

વેપારનાં બંદરો છે. કોચીન સૌથી મોટું વેપારનું મથક છે. ત્યાં મોટાં મોટાં વહાણો બંધાય છે. દક્ષિણ કાનડા મેંગલૂર ગાદીની જગ્યા, અહીં સોપારી સારી થાય છે. કુંદાપૂર અહીં સારા ચોખા થાય છે

દેશી રાજ્યો.

ત્રાવણકોર.

આ દેશ કામોરીન ભૂશીરની ઉત્તરમાં છે, અહીં હિંદુરાજા રાજ્ય કરે છે.

પદાર્થ—ડાંગર, સાબુચોખા, એલચ ને મરી ઘણાં થાય છે

શેહેરો—ત્રીવન્દ્રમ ગાદાની જગ્યા છે. અલપઈ એ મુખ્ય બંદર છે. કુઈલન એ મુખ્ય લશ્કરી મથક છે.

કોચીન.

આ પહાડી પ્રાંત ત્રાવણકોર ને મલબારની વચ્ચે છે, એમાં સરોવર ઘણા છે.

શેહેરો—આર્ણાકોલમ ગાદીની જગ્યા છે, એ સિવાય કોચીન, ત્રીચુર વગેરે છે.

પુદુકોટા—તંજાઉરની નૈરૂત્યે છે. મુખ્ય શેહેર—પુદુકોટા છે.

મ્હૈસૂર.

આ પ્રાંત હૈદરઅલીને ટિપુના વખતમાં ઘણો જોરાવર હતો. હાલ તે હિન્દુરાજાને તાબે છે, જે ચીફ કમીશ્નરની સલાહ પ્રમાણે રાજ્ય ચલાવે છે.

ક્ષેત્રફળ–૨૭૦૦૦ ચોરસ માઇલ છે.

વસ્તી–૪૦,૦૦,૦૦૦ માણસની છે. આ દેશમાં કાનડી ભાષા બોલાય છે.

નદીઓ–તુંગભદ્રા ને કાવેરી.

પેદાસ–અનાજ, ખાડ, ખુંદ સાગનાં લાકડાં વગેરે.

ખનિજ પેદાશ–આ દેશની ખાણોમાંથી સોનું નીકળે છે.

શેહેરો–મ્હૈસૂર અર્વાચીન ગાદીની જગ્યા છે. શ્રીરંગપટ્ટણ કાવેરીપર ટિપુના વખતમાં ગાદીની જગ્યા હતું. બેંગલૂર પુર્વમાં લશ્કરી મથક છે, તેમાં સારા રમણીય બાગ છે. એ સિવાય નંદીદુર્ગ. ચિત્રદુર્ગ,, બેડનૂર, શીમોગા, હરાહર, કોલર, (હૈદરઅલીની જન્મ ભૂમિ) છે.

કુર્ગ.

આ રાજ્ય ત્યાના બાવરા હિંદુ રાજાએ ચલાવેલા અંધેરને લીધે તેની પાસેથી ઈંગ્રેજ સરકારે ઈ. સ. ૧૮૩૪ મા છતી લીધું.

પેદાશ–સાગ, સુખડ, સાપારી, એલચી, ખુંદ વગેરે

શેહેરો–મરકરા ગાદીની જગ્યા છે.

સિંહલદ્વીપ અથવા લંકા.

આ તો હિંદી મહાસાગરમાં એક મોટો બેટ છે, ને ઇ. સ. ૧૮૧૫ થી ઇંગ્રેજ સરકારને તાબે છે, તેનો આકાર કેરી જેવો છે. અહીંના રહેવાસીઓ બુદ્ધ ધર્મ પાળે છે, અને [illegible] કરે છે. તેની નીચેની [illegible] છે

ક્ષેત્રફળ—આશરે [illegible]૫૦૦ ચોરસ માઈલ.

વસ્તી—૩૦૦૦૦૦૦ માણસની છે.

પર્વતો—આદમનો શિખર, [illegible] છે.

નદીઓ—મહાવેલીગંગા, કાલાગંગા, [illegible] ને વાલેવેગંગા વગેરે.

પેદાશ—ચાહ, કૉફી, નાળિયેર, [illegible], કરિયાતું વગેરે.

આયાત—સુતરાઉ, ગરમ ને રેશમી કાપડ, [illegible], ખાંડ, વિલાયતી સામાન વગેરે.

નિકાસ—ચાહ, [illegible], [illegible], કોપરું વગેરે.

ખનિજ પેદાશ—કોઈ કોઈ ઠેકાણેથી કિમતી રત્નો નીકળે છે. કિનારા પર મોતી ઘણું પાકે છે.

શહેરો—કોલંબો રાજધાની જગા છે. આ બંદરથી ઘણોખરો માલ રવાના કરવામાં આવે છે. ગાલ દક્ષિણે છે. તેમાં ચીન, હીંદુસ્તાન ને આસ્ટ્રેલિયાની આગબોટો લંગર કરતી. ત્રીન્કોમાલી પુર્વમાં સારૂં બંદર છે. કાંડી સહુથી જુની રાજધાની જગ્યા હતું. એ સિવાય રત્નાપુર, માતરા, બાટીકાલોઆ, જાફના અને અનુરાધાપુર.

આન્દામાન.

આ બેટનો ઘણોખરો ભાગ જંગલથી ઢંકાએલો છે, ત્યાંના અસલ રહેવાસીઓ મનુષ્યાહારી, નાગા, જંગલી લોકો હતા. હાલ જન્મ દેશ નીકાલ ગુન્હેગારોને ત્યાં મોકલવામાં આવે છે, પોર્ટબ્લેર એ તેનું મુખ્ય શહેર છે.

બ્રહ્મદેશ.

આ દેશને હિંદુસ્તાનનો એક ઇલાકો બનાવ્યો છે, ને ત્યાંનો વહીવટ ચીફ કમીશ્નર સાહેબ ચલાવે છે.

સીમા–ઉત્તરે આસામ ને ચીન, પુર્વે સિઆમ ને શાન સંસ્થાન દક્ષિણે સિઆમ ને બંગાળાનો ઉપસાગર, ને પશ્ચિમે બંગાળા ને બંગાળાનો ઉપસાગર.

પર્વતો–યોમા પર્વત સૌથી ઉંચા છે. એ સિવાય અરાકાન યોમા, પતકોઇ, સેંદ વગેરે.

નદીઓ–ઇરાવતી, ચીતાંગ, સાલ્વીન ને તેનાસરીમ.

અખાત–માર્ટાબાનનો.

ભૂશીર–નીગ્રેસ.

હવા–આ દેશની હવા ગરમ ને ભેજવાળી છે.

બેટો–રામરી, ચેડુબા ને મરગી બેટનું ટોળું.

વેપાર–ઘણા માણસો ખેતીનું કામ કરે છે અને અહીં રેશમી ને સુતરાઉ કાપડ પણ વણાય છે.

આયાત–સુતરાઉ કાપડ, રેશમ, ને સોપારી,

નિકાશ–ચોખા, સાગનાં લાકડાં, ગુંદર, કપાસ ને ચામડા વગેરે.
ખનિજપેદાશ–કિંમતી રત્નો, કલઇ ને લોઢું.
શેહેરો–માંડલે એ ગાદીની જગ્યા ઇરાવતી નદીપર છે. અમરપુર ને આવા આગાઉની રાજધાની હતાં. રંગુન ઇરાવતીપર છે, અહી ચોખાને સાગનાં લાકડાનો વેપાર ચાલે છે. આરાકાન તમામ ગદું ને નાતનદુરસ્ત શેહેર પશ્ચિમ કિનારે છે. મોલમૈન સાલ્વીનપર છે, આ બંદરનો સાગના લાકડાનો વેપાર ઘણો ચાલે છે. એ સિવાય તેના સરીમ, પેગુ, પ્રોમ, ભામો, ગાંગુ, હેનજાડા, શીતાંગ, બેરીન (નસાઇ) થાએતમા વગેરે છે.
બંદરો–આકયાબ, કયુકપું (રામરી બેટમાં છે) સેંદોવા, ડેલહૌસી, રંગુન, શીતાગ, મર્ટાબાન, મોલમૈન, આમહર્સ્ટ ટાવોય ને તેનાસરીમ.
વિશેષ વર્ણન–ઇરાવતી નદીમાં ભામો સુધી નાની આગબોટો ને વહાણો જઇ શકે છે. એ નદીના પુરપર આબાદીનો આધાર છે, ચોખા ને સાગનાં લાકડાંની નીપજ સારી થાય છે.

સ્વતંત્ર દેશીરાજ્યો.

નેપાળ–આ દેશના વતનીઓ ગુરખા છે. તેઓ ઠીંગણા, લડવૈયા ને શૂરા છે.
શેહેરો–ખટમંડુ એ ગાદીની જગ્યા છે. અહી ઘણાં લાકડાંનાં મંદીરો છે.
ભૂતાન–આ દેશ સિક્કીમની પૂર્વે છે. ટાસીસ્યુડન ગાદીની જગ્યા છે.

પરીક્ષાના પ્રશ્નો.

નીચે સ્થળ શું શું છે તે નકશામાં બતાવો.

અ—અરવલી, અમદાવાદ, અહમદનગર, અમૃતસર, અયોધ્યા, અટક, અલ્હાબાદ, અંબાલા, આર્કાટ, અલીગઢ, અજમેર.

આ—આસામ, આન્દામાન, આરાકાન, આગ્રા.

ઇ—ઇન્દોર, ઇરાવતી, ઇસ્માઇલખાન, ઇલીચપુર.

ઉ—ઉદેપુર, ઉજ્જની, ઉમરકોટ, ઉતકમંડ.

એ—એવરેસ્ટ.

ઓ—ઓરિસા.

ઔ—ઔરંગાબાદ.

ક—કાનકેરમ, કાલિંજર, કેમ્પુર, કરાંચી, કલકત્તા, કચ્છ, કાનપોર, કોંકણ, કાનનુર, કાલીકોટ, કાવેરી, કારીકલ, કન્યાકુમારી, [illegible] કેદારનાથ, કૃષ્ણા, કાશી, કનોજ.

ખ—ખરગોન, ખેરપુર, ખંભાત, ખંડાળો.

ગ—ગિરનાર, ગંગા, ગાઝીપુર, ગોમતી, ગોવળકોંડા, ગોવા, ગોદાવરી, ગ્વાલીઅર.

ઘ—ઘોઘરા, ઘોઘા.

ચ—ચાગસારી, ચંબલ, ચીલકા, ચંદ્રનગર, ચેદુબા, ચીતાગાંગ.

છ—છોટાનાગપુર.

જ—જગતપોઈંટ, જગન્નાથ, જેકબાબાદ, જમના, જબલપુર, જેપુર, જાફરાબાદ, જુનાગઢ, જંજીરા.

ઝ—ઝેલમ, ઝાલરાપટણ, ઝાંસી, ઝાલાવાડ.

ટ—ટયારીટયુડસ.

ઠ—ઠઠા

ડ—ડીંડીગાલ, ડેરાગાજીખાન, ડીસા, ડેરાઇસ્માલખાન.

ઢ—ઢેબર, ઢાકા.

ત—તૈલંગણ, ત્રીવાન્દ્રમ, તુંગભદ્રા, તુતુકુંડી, ત્રાંકવીબાર, તાપી.

થ—થાણા, થરપારકર.

દ—દીવ, દમણ, દાર્જીલીંગ.

ધ—ધવલગીરી, ધુળીઆ, ધારવાડ.

ન—નર્મદા, નાશીક, નીલગીરી, નાગપુર, નીચીસ, નસીરાબાદ, નવાનગર, નીમચ, નિર્મળ.

પ—પંજાબ, પન્ન, પાઇંટડીગાલ, પોંડીચરી, પેશાવર, પટણા, પાણીપત, પેગુ, પત્યાલા, પૈઠણ, પોર્ટનોવા, પ્રોમ, પ્રયાગ.

ફ—ફતેપુર, ફૈજાબાદ, ફરૂકાબાદ, ફરીદકોટ.

બ—બ્રહ્મદેશ, બંગાળા, બ્રહ્મપુત્રા, બહાર, બરેલી, બનારસ, બેટવા, બેંગલોર, બેલગામ.

ભ—ભરતપુર, ભીમા, ભરૂચ, ભાવલપુર, ભાગલપુર, ભોપાલ, ભુજ, ભાવનગર, ભાગીરથી.

મ—માંજ, મહા, મહી, મુલતાન, મુંબઇ, મહાબળેશ્વર, મનાર, મૂગ્રી, માર્ટાબાન, મથુરા, મીરત, મેંગલુર, મચ્છલીપટણ, મુર્શીદાબાદ.

ય—યાનાન, યમુના.

ર—રેવા, રાવી, રામરી, રંગુન, રત્નાગીરી, રામેશ્વર, રાવળપીંડી, રતલામ, રાજમહેંદ્રી.

લ—લંકા, લક્ષદ્વિપ, લુણી, લાહોર, લાડખાના.

વ—વિંધ્યાચળ, વીકાનેર, વીશાગપટણ, વેરાવળ, વિજયનગર, વસઇ, વીજયદુર્ગ, વરાડ.

શ—શિવાલીક, શ્રીરંગપટણ, શીકારપુર, શ્રીનગર, શાહજહાનપુર.

સ—સિંધ, સાતપુડા, સંહ્યાદ્રિ, સર્યુ, સિગલા, સતલજ, સતારા, સિદ્ધપુર, સોલાપુર, સિંધુ.

હ—હિંદુકુશ, હિમાલય, હાલા, હુગલી, હરીદ્વાર, હુસંગાબાદ, હૈદ્રાબાદ, હોનાવાર, હૈરા, હજારીબાગ.

ક્ષ—ક્ષિપ્રા.

સમાપ્ત.

કોઈ પણ વિદ્યાર્થી આ ભૂગોળ ખરીદ કરવાને અશક્ત છે એવું, પોતાના માસ્તરના સર્ટિફિકેટ સાથે સાબીત કરશે તેને આ ચોપડી મફત આપવામાં આવશે.

જાહેર ખબર.

જે સદગૃહસ્થોને આ ભૂગોળ તેમજ મારી તરફથી પ્રસિદ્ધ
થયેલ અને શાળાપયોગી અંગ્રેજી મેટ્રીક્યુલેશન ક્લાસ
સુધીના તેમજ સીંધી, ગુજરાતી તથા ઉર્દુસ્કુલમાં ચાલતા
પુસ્તકો જોઈએ તેમણે નીચે લખેલ ઠેકાણે કિમ્મત સાથે
પત્રદ્વારા લખી જણાવવાથી મોકલી આપવામાં આવશે તેમજ
જેઓની ઇચ્છા હશે તેમને વેલ્યુપેએબલ પોસ્ટથી પણ
મોકલવામાં આવશે. જથાબંધ નકલો મંગાવનારને સારૂં
કમીશન આપવામાં આવશે. એ વિષે પત્રથી બંદોબસ્ત
કરવો.

લાલજી હરજીવન મેતા,

ગુજરાતી હેડમાસ્તર અને મેનેજર સીંધ મદ્રેસા બુકડીપો—કરાચી.

